અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ જુલાઈ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૧૪ | અંક : ૧૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**બેન્ક-પોસ્ટઓફિસ બંધ રાખવાની ચીમકી**

### શાળાઓ, કોલેજો અને ખાનગી ઓફિસો ખુલ્લી રહેશે, પરંતુ દેખાવોના કારણે ઘણા સ્થળો પર ટ્રાફિકની સમસ્યાઓ નડી શકે છે

## આજે ભારત બંધનું એલાનઃ ૨૫ કરોડ કર્મચારીઓએ બાંયો ચડાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દેશના ૧૦ કેન્દ્રીય વેપાર સંગઠનોએ સંયુક્ત ધોરણે આવતીકાલે ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારત બંધનું એલાન કર્યું છે. જેમાં બૅકિંગ, કોલસા ખાણકામ, પોસ્ટ ઑફિસ, ઈન્સ્યોરન્સ કંપની અને પરિવહન જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ જોડાશે. સરકારની 'કોર્પોરેટ-તરફેણ, મજૂર-વિરોધી અને ખેડૂત-વિરોધી' નીતિઓનો વિરોધ કરતાં આ બંધનું એલાન કરવામાં આવ્યું છે. જો કે, શાળાઓ, કૉલેજો અને ખાનગી ઑફિસો ખુલ્લી રહેશે, પરંતુ દેખાવોના કારણે ઘણા સ્થળો પર ટ્રાફિકની સમસ્યાઓ નડી શકે છે.

**બેન્ક અને વીમાઃ** જાહેર ક્ષેત્રની બૅંકો અને વીમા કંપનીઓના કર્મચારીઓ હડતાળ પર રહેશે, જેના કારણે વ્યવહારો અને ચેક ક્લિયરન્સ પર અસર પડી શકે છે. બૅંક યુનિયનો દ્વારા સેવાઓ આવતીકાલે બંધ રહેવાની અલગથી જાહેરાત થઈ નથી. પરંતુ હડતાળના આયોજકોનું કહેવું છે કે જાહેર ક્ષેત્ર અને સહકારી બૅંકોના કર્મચારીઓ તેમાં સામેલ છે. જેથી તેઓ બંધ પાળશે.

**ટપાલ સેવાઓઃ** પોસ્ટ ઑફિસ અને કુરિયર સેવાઓ ખોરવાઈ જવાની અપેક્ષા.

**કોલસા ખાણકામ અને કારખાનાઓઃ** કોલ ઈન્ડિયા અને અન્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કામકાજ બંધ રહેશે.

**શેરબજાર અને બુલિયન બજારઃ** શેર માર્કેટ અને બુલિયન બજાર બંને આવતીકાલે ૯ જુલાઈના રોજ ખુલ્લા રહેશે.

**જાહેર પરિવહનઃ** ઘણા રાજ્યોમાં બસ અને ટેક્સી સેવાઓ પ્રભાવિત થશે, પરંતુ ખાનગી વાહનો ચાલુ રહેશે.

**રેલવેઃ** જોકે રેલ્વે યુનિયનોએ ઔપચારિક હડતાળનું એલાન કર્યું નથી, કેટલાક વિસ્તારોમાં વિરોધને કારણે સ્થાનિક ટ્રેનો પ્રભાવિત થઈ શકે છે.

કર્મચારીઓના વિરોધ પાછળના મોટા કારણ

શ્રમ મંત્રીને ૧૭ સૂચી માગપત્ર સોંપ્યા હતા. પરંતુ કોઈ કાર્યવાહી હાથ ધરી ન હતી.

૧૦ વર્ષથી વાર્ષિક લેબર કોન્ફરન્સ યોજાઈ નથી.

નવા લેબર કોડ મારફત વેપાર સંગઠનોને નબળા બનાવવાનો પ્રયાસ

કામના કલાકો વધ્યા, શ્રમિકોના અધિકારો ઘટ્યાની માગ

ખાનગીકરણ અને કોન્ટ્રાક્ટેક્ચ્યુઅલ નોકરીઓને પ્રોત્સાહનનો વિરોધ

વધુ ભરતી અને સારા પગારની માગને નજરઅંદાજ

યુવા બેરોજગારીનો મુદ્દો ઉકેલવો

ભારત બંધમાં સામેલ સંગઠન

ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (INTUC)

સેન્ટર ઑફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ

ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (AITUC)

ટ્રેડ યુનિયન કોંગ્રેસ (TUC)

સેલ્ફ એમ્પ્લોય્ડ વિમન્સ ઍસોસિએશન (SEWA)

ઓલ ઈન્ડિયા સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ટ્રેડ યુનિયન્સ (AICCTU)

હિન્દ મજદૂર સભા (HMS)

લેબર પ્રોગ્રેસિવ ફેડરેશન (LPF)

યુનાઈટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (UTUC)

---

### રશિયાના પૂર્વ મંત્રીએ ગોળી મારી આત્મહત્યા કરી

। (એજન્સી) મોસ્કો, તા.૮ ।

રશિયાના પરિવહન મંત્રી રોમન સ્ટારોવોય (૫૩)ને ભ્રષ્ટાચારના કથિત આરોપ હેઠળ સોમવારે પદભ્રષ્ટ થયાના કલાકોની અંદર જ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ટ્રાન્સપોર્ટ મંત્રી રોમન સ્ટારોવોયને પદથી બરખાસ્ત કર્યા હતા. રોમન મે ૨૦૨૪ સુધી આ પદ પર રહ્યા હતા. તેમને પદભ્રષ્ટ શા માટે કરાયા તેનું કારણ જણાવાયું નહતું. પ્રાપ્ત વિગતો મુજબ વિતેલા સપ્તાહમાં કિવ દ્વારા ડ્રોન હુમલાની ધમકીઓ બાદ સંખ્યાબંધ ફ્લાઈટ્સને નીચે ઉતારાતા એરપોર્ટ પર ભારે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. સોમવારે તેમને રાષ્ટ્રપતિના હુકમનામાં હેઠળ પદ પરથી બરતરફ કરી દેવામાં આવ્યા હતા.

### દલાઈ લામાને ભારત રત્નથી સન્માનિત કરો :૮૦ સાંસદોની માંગ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૮ ।


તિબેટના ધર્મગુરુ દલાઈ લામાએ છઠ્ઠી જુલાઈના રોજ ૯૦મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ દરમિયાન સાંસદોના એક મંચ દ્વારા તિબેટના ધર્મગુરુ દલાઈ લામાને ભારત રત્ન આપવાની માંગ કરાઈ છે. આ સર્વપક્ષીય મંચમાં ભાજપ, બીજેડી અને જેડીયુ જેવા પક્ષોના સાંસદોનો સમાવેશ થાય છે. ઓલ પાર્ટી ઈન્ડિયન પાર્લામેન્ટરી ફોરમ ફોર તિબેટે તાજેતરમાં તેની બીજી બેઠકમાં સર્વાનુમતે દલાઈ લામાને ભારત રત્ન આપવાના પ્રસ્તાવને ટેકો આપ્યો હતો.

---

**રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન નહીં**

## અમેરિકાએ ટેરિફ બોંબ ઝિંકતા જાપાનના વડાપ્રધાન નારાજ

। (એજન્સી) અમેરિકા, તા.૮ ।




અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ટેરિફ બોંબ ઝિંકવાની જાહેરાત કરી છે. તેમણે જાપાનથી લઈને દક્ષિણ કોરિયા પર ૨૫ ટકાથી લઈને ૩૬ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જેના કારણે અનેક દેશો નારાજ થયા છે. આ ક્રમમાં જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ અમેરિકાની ટેરિફ નીતિથી નારાજ થયા છે. તેમણે મંગળવારે (૮ જૂન) કહ્યું કે, 'ટ્રમ્પનો જાપાન પર ૨૫ ટકા ટેરિફ ઝિંકવાનો નિર્ણય ખૂબ જ નિરાશાજનક છે. સમસ્યાનો ઉકેલ લાવવા અને પરસ્પર લાભ માટે દ્વિપક્ષીય ચર્ચા-વિચારણા કરવાના પ્રયાસો ચાલુ રહેશે.' તેમણે ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, અમારો દેશ રાષ્ટ્ર હિત સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરે. જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા એ ટાસ્ક ફોર્સની બેઠકમાં કહ્યું કે, 'અમેરિકા અને જાપાન વચ્ચે ફાયદાકારક સમજૂતી થઈ શકે તે માટે અમે અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખીશું. જોકે અમે અમારા રાષ્ટ્ર હિતોથી પીછેહઠ નહીં કરીએ.' અમેરિકા સાથે વેપાર સમજૂતી ધીમી ગતિએ આગળ વધવા મામલે તેમણે કહ્યું કે, 'અમારે અમારા રાષ્ટ્ર હિત સાથે સમજૂતી ન કરવી પડે, જે જરૂરી છે અને તેની રક્ષા થઈ શકે તે માટે જાપાન સરકાર અમેરિકા સાથે વેપાર સમજૂતી મામલે ઉતાવળિયું પગલું ભરવા માંગતી નથી' ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ પહેલી ઓગસ્ટથી જાપાન, દક્ષિણ કોરિયા સહિત ૧૪ દેશો પર નવી ટેરિફ નીતિ લાગુ કરવાની જાહેરાત કરી છે. અમેરિકા જાપાનમાંથી કાર, કારના સ્પેરપાર્ટ્સ, ફાર્માસ્યૂટિકલ્સ અને મશીન ડિવાઈસની આયાત કરે છે. અમેરિકાએ જે ૧૪ દેશો પર નવો ટેરિફ બોંબ ઝિંક્યો છે, તેમાં બાંગ્લાદેશ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, કંબોડિયા, ઈન્ડોનેશિયા, જાપાન, કઝાકિસ્તાન, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, સર્બિયા, ટ્યુનિશિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડનો સમાવેશ થાય છે. આ ટેરિફ પહેલી ઓગસ્ટથી લાગુ થશે. નવા ટેરિફ દર સ્ટીલ, એલ્યુમીનિયમ અને ઓટો પાર્ટ્સ પર પહેલાથી લાગુ કરાયેલા ટેરિફથી અલગ હશે.

---

**ચૂંટણી પહેલા નીતિશ કુમારની મોટી જાહેરાત**

## બિહારની મહિલાઓને તમામ સરકારી સેવાઓમાં ૩૫ ટકા અનામત જાહેર

। (એજન્સી) બિહાર,તા.૮ ।



બિહારમાં વિધાનસભાની ચૂંટણી પહેલા સીએમ નીતિશ કુમારે મોટી જાહેરાત કરી છે. બિહારની સરકારે મહિલાઓને અનામત આપવાની જાહેરાત કરી છે. માત્ર બિહારની મહિલાઓને તમામ સરકારી સેવાઓમાં ૩૫ ટકા અનામત આપવાની જાહેરાત કરી છે. નીતિશ કુમારે જાહેરાત કરી કે બિહાર રાજ્યની જ મૂળ નિવાસી મહિલાઓને રાજ્યની તમામ સરકારી સેવાઓ, સંવર્ગો અને તમામ સ્તરોના પદ પર સીધી ભરતીમાં ૩૫ ટકા અનામક અપાશે. આ અનામત તમામ પ્રકારની સરકારી નોકરીમાં લાગુ રહેશે. આ ઉપરાંત સીએમ નીતિશ કુમારે બિહાર યુવા આયોગની રચનાની પણ જાહેરાત કરી છે. એક્સ પર એક પોસ્ટ શેર કરીને જણાવ્યુ કે મને જણાવીને ખુશી થાય છે કે બિહારના યુવાઓને વધારે રોજગારીના અવસર ઉપલબ્ધ કરાવવા અને તેમને શિક્ષિત, સશક્ત અને સક્ષમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારે બિહાર યુવા આયોગની રચના કરવાનો નિર્ણય લીધો છે અને આજે કેબિનેટ તરફથી બિહાર યુવા આયોગની રચનાને મંજૂરી પણ આપી દીધી છે. તેમણે એમ પણ લખ્યું કે સમાજમાં યુવાઓની સ્થિતિમાં સુધારો અને ઉત્થાન સંબંધિત તમામ મામલા પર સરકારને સલાહ આપવામાં આ આયોગની મહત્વપૂર્ણ ભૂમિકા હશે. યુવાઓને સારુ શિક્ષણ અને રોજગાર સુનિશ્ચિત કરવા માટે સરકારી વિભાગોની સાથે આ આયોગ કોર્ડિનેટ પણ કરશે.

---

**બાગેશ્વર ધામમાં ફરી નાસભાગ**

## ધર્મશાળાની દીવાલ ધરાશાયી થતાં એકનું મોત, ૧૧ ઈજાગ્રસ્ત

। (એજન્સી) લખનૌ, તા.૮ ।

બાગેશ્વર ધામમાં મંગળવારે (૮જુલાઈ) વહેલી સવારે એક ધર્મશાળાની દિવાલ પડવાના કારણે ઉત્તર પ્રદેશની એક મહિલા શ્રદ્ધાળુનું મોત નિપજ્યું હતું અને ૧૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિક પોલીસ અને તંત્રએ ઘટનાસ્થળે પહોંચીને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા અને મામલાની તપાસ શરૂ કરી દીધી. વળી, આ પહેલાં ૩ જુલાઈએ પણ ધામ પરિસરના ટેન્ટમાં તૂટી જવાથી એક વડીલનું મોત નિપજ્યું હતું. બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ ગુરૂ પુર્ણિમા પર તમામ શ્રદ્ધાળુઓને ઘરે જ રહેવાની અપીલ કરી હતી. ઈજાગ્રસ્તોના પરિજનોએ જણાવ્યું કે, તેઓ ધર્મશાળામાં સૂતા હતા, ત્યારે અચાનક દિવાલ તેમના ઉપર પડી. અધિકારીઓએ જણાવ્યું કે, દિવાલ પડવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. ઈજાગ્રસ્તોની સ્થિતિ હાલ સ્થિર છે અને તેમની સારવાર શરૂ છે. તેમણે એવું પણ કહ્યું કે, મૃતકના પરિજનોને વળતર આપવામાં આવશે. આ પહેલાં ૩ જુલાઈએ પણ બાગેશ્વર ધામ પરિસરમાં એક દુર્ઘટના બની હતી. ૩ જુલાઈની સવારે આશરે ૭ વાગ્યે આરતી બાદ બાગેશ્વર ધામ પરિસરમાં ટેન્ટ તૂટ્યો હતો.

---

**કોઈ જાનાહાનિના સમાચાર નથી**

## આસામમાં મંગળવારે સવારે ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

। (એજન્સી) આસામ, તા.૮ ।

છેલ્લા એક વર્ષમાં વિશ્વમાં ઘણા સ્થળોએ ભૂકંપના આંચકા જોવા મળ્યા હતા. હવે ભારતમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો છે. એક રિપોર્ટ પ્રમાણે અસમમાં મંગળવારે સવારે ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જો કે હજી સુધી કોઈ જાનાહાનિના સમાચાર મળ્યા નથી. ભારત પહેલા હાલમાં નેપાળ અને પાકિસ્તાનમાં પણ ભૂકંપ આવ્યો હતો. નેપાળમાં ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. યુએસ જિયોલોજીકલ સર્વેના એક રિપોર્ટ પ્રમાણે અસમના માંજામાં સવારે લગભગ ૯.૨૨ વાગ્યે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રેક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. જેના કારણે કોઈ પણ પ્રકારનું નુકસાન થયું નથી. અસમમાં આ પહલા ફેબ્રુઆરીમાં ભૂકંપ આવ્યો હતો. રિપોર્ટ્સ પ્રમાણે ભૂકંપ ની તીવ્રતા ૫.૦ માપવામાં આવી હતી.

---

**નેતન્યાહૂ-ટ્રમ્પનો મેગાપ્લાન તૈયાર**

## પેલેસ્ટાઇનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવાની તૈયારી

। (એજન્સી) ઇઝરાયલ, તા.૮ ।

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ હાલમાં અમેરિકાના પ્રવાસે છે. ગયા સોમવારે, યુએસ પ્રમુખ ટ્રમ્પ અને નેતન્યાહૂએ વ્હાઈટ હાઉસમાં ડીનર કર્યું હતું. આ દરમિયાન, ગાઝામાં યુદ્ધવિરામના મુદ્દા પર ચર્ચા થઈ હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગાઝાવાસીઓને સ્થળાંતર કરવાના વિવાદાસ્પદ પ્રયાસોનો પણ સંકેત આપ્યો છે.ટ્રમ્પ દ્વારા આયોજિત ડીનરની શરુઆતમાં, નેતન્યાહૂએ કહ્યું કે, 'અમેરિકા અને ઈઝરાયલ પેલેસ્ટિનિયનોને અન્ય દેશોમાં વસાવવા માટેના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. અમે પેલેસ્ટિનિયનોને સારું ભવિષ્ય આપવા માંગીએ છીએ. આવી સ્થિતિમાં ગાઝાના લોકોને પડોશી દેશોમાં શિફ્ટ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે.' નેતન્યાહૂએ વધુમાં કહ્યું કે, 'જો પેલેસ્ટિનિયનો ગાઝામાં રહેવા માંગતા હોય, તો તેઓ રહી શકે છે પરંતુ જો તેઓ સ્થળાંતર કરવા માંગતા હોય, તો તેઓએ જવું જોઈએ. અમે આ લોકો માટે એવા દેશો શોધવા માંગીએ છીએ, જ્યાં તેમને સ્થળાંતરિત કરી શકાય. અમે આવા દેશો શોધવાની નજીક છીએ. પેલેસ્ટાઈનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવા અંગે નેતન્યાહૂએ કહ્યું કે, ઈઝરાયલ અને અમેરિકા એવા દેશ બાબતે વિચાર કરી રહ્યા છે.



# કચ્છના ભુજમાં ધોધમાર પાંચ ઇંચ વરસાદથી પૂરની સ્થિતિ

## ઉપરવાસના વરસાદને કારણે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાનું કમાલપુર ગામ સંપૂર્ણપણે સંપર્કવિહોણું બની ગયું છે

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

દ્વારકા પંથકને ધમરોળ્યા બાદ મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં કચ્છ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ભુજમાં એક જ રાતમાં ધોધમાર પાંચ ઈંચ વરસાદ વરસતા પૂર જેવી સ્થિતિ સર્જાી હતી. જ્યારે દિવસ દરમિયાન ગાંધીધામમાં ૨.૨૮ ઈંચ અને કચ્છના વિવિધ વિસ્તારોમાં બે ઈંચથી લઈને અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં પોણા બે ઈંચથી લઈને છૂટાછવાયા ઝાપટા પડ્યા હતા.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૦૯ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે.

ભુજ શહેરમાં ગઈકાલે રાત્રે આઠ વાગ્યાથી શરૂ થયેલો વરસાદ પરોઢના ચાર વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો, જેમાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો. મુન્દ્રાનો ગજોડ ડેમ ઓવરફ્લો થયો છે. ભુજ તાલુકાની પાવરપટ્ટીના ગામોની સિંચાઈ માટે મહત્વનો ઝુરાનો કાયલા ડેમ પણ છલકાયો છે.માંડવીનો વિજયસાગર ડેમ છલકાઈ ગયો છે. પદમપુરનો વેગડી ડેમ અને અબડાસાનો કંકાવટી ડેમ પણ ઓવરફ્લો થયા છે. આજે દિવસ દરમિયાન કચ્છમાં સૌથી વધુ વરસાદ ગાંધીધામમાં ૨.૨૮ ઈંચ નોંધાયો હતો. જ્યારે ભચાઉમાં ૧.૮૯ ઈંચ, અંજારમાં ૧.૩૪ ઈંચ, નખત્રાણામાં ૦.૯૪ ઈંચ, અબડાસામાં ૦.૫૯ ઈંચ, અને લખપતમાં ૦.૫૫ ઈંચ વરસાદ વરસ્યો છે. કચ્છની રણની ધરતીમાં પાણી જમીનની અંદર ઉતરતું ન હોવાથી અહીં વરસાદમાં ભારે પૂર આવી જાય છે.બીજી તરફ, ઉપરવાસના વરસાદને કારણે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાનું કમાલપુર ગામ સંપૂર્ણપણે સંપર્કવિહોણું બની ગયું છે. લીંબડી અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે ગામની ચારે તરફ પાણી ફરી વળ્યા છે. કમાલપુર ગામને જોડતા મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતા સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. આ સિવાય સૌરાષ્ટ્રમાં ભાવનગરના સિહોરમાં આજે ૧.૭૩ ઈંચ વરસાદ વરસ્યો છે, જેના કારણે પંથકના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ૧.૭૩ ઈંચ તથા દ્વારકા શહેરમાં ૦.૩૯ ઈંચ વરસાદ નોંધાયો છે. મોરબીમાં ૦.૬૭ ઈંચ જ્યારે જામનગરના લાલપુર તાલુકામાં ૦.૫૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લામાં વંથલીમાં ૦.૩૧ ઈંચ જ્યારે અન્યત્ર છૂટાછવાયા ઝાપટા વરસ્યા. આ ઉપરાંત રાજકોટ સહિતના વિસ્તારોમાં પણ છૂટાછવાયા ઝાપટા નોંધાયા છે.

## રાજકોટમાં રોગચાળો વકર્યો, ઝાડા ઉલ્ટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

રાજ્યમાં વરસેલા ભારે વરસાદ બાદ હવે રોગચાળાના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળામાં વધારો થયો છે. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીએ માહિતી આપતા કહ્યું કે ગત સપ્તાહમાં શહેરમાં શરદી-ઉધરસના ૬૯૯, તાવના ૯૩૮ કેસ નોંધાયા છે. જ્યારે ઝાડા ઉલ્ટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો છે. ટાઈફોડના બે અને કમળાના ચાર કેસ નોંધાયા છે.રાજકોટમાં રોગચાળામાં વધારો થયો છે. શરદી-ઉધર, તાવ, ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો થયો છે. શહેરમાં શરદી-ઉધરસના ૬૯૯, તાવના ૯૩૮ કેસ નોંધાયા છે. જ્યારે ઝાડા ઉલ્ટીના ૨૯૧, ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો છે. ટાઈફોડના બે અને કમળાના ચાર કેસ નોંધાયા છે. શહેરમાં ગત સપ્તાહની સરખામણીએ રોગચાળામાં વધારો થયો છે. શહેરેમાં વધતા રોગચાળાને રોકવા આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે ચોમાસા દરમિયાન ખુલ્લામાં મળતા ખોરાક લેવા લોકોએ ટાળવા જોઈએ.

## ખેડામાં ચાંદીપુરા વાયરસનો કહેર; ૨ બાળકોના વાયરસથી મોત

। (એજન્સી) ખેડા, તા.૮ ।

ખેડા જિલ્લામાં ચાંદીપુરા વાયરસે હવે કહેર વર્તાવ્યો છે. અત્યાર સુધીમાં અહીંયા ૩ જેટલા કેસો નોંધાયા છે. જેથી અહીંના લોકો માટે ચાંદીપુરા વાયરસ હાલ એક ચિંતાનો પ્રશ્ન બની ગયો છે. સૌથી હચમચાવનારી વાત તો એ છે કે ૩ બાળકો પૈકી ૨ બાળકોના ચાંદીપુરા વાયરસથી મોત થયાં છે. આ વાયરસને લઈને હાલમાં આરોગ્ય તંત્ર પણ એક્ટિવ મોડમાં આવી ગયું છે. લોકોમાં ક્યાંકને ક્યાંક હવે આ વાયરસને લઈને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. બાળકોના મોતને લઈને હવે આરોગ્ય તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને સર્વે કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં ખેડામાં કુલ ૩ ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા છે. જે પૈકી હાલ ૨ બાળકોના મોત થયાં છે. બાળકોના મોતને લઈને તેઓના પરિવારમાં પણ હાલ શોકનો માહોલ છવાઈ ગયો છે. જોકે હવે આ વાયરસને લઈને આરોગ્ય વિભાગ એક્શનમાં આવી ગયું છે અને લોકોને એલર્ટ કરવામાં આવ્યા છે. ખાસ કરીને ચાંદીપુરા વાયરસને કારણે બાળકોના ડોક્ટરને એલર્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં હાલ માતા-પિતામાં ખાસ કરીને આ વાયરસને લઈને ભય જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો કહેર જોવા મળ્યો હતો. આ વાયરસને કારણે લોકોને ઘણી સમસ્યાઓ રહેતી હોય છે. ત્યારે આ વખતે ફરી ખેડામાં આ વાયરસે કહેર મચાવ્યો છે.

### કથિત રેપના આરોપીને નિર્દોષ છોડવાનો આદેશ યથાવત રાખતો હાઇકોર્ટનો હુકમ

## ‘ગર્ભાવસ્થાના એડવાન્સ સ્ટેજ સુધી પીડિતાનું મૌન રહેવું સંમતિ ગણાય’

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગર્ભાવસ્થાના એડવાન્સ સ્ટેજ સુધી પીડિતાનું મૌન રહેવું સંમતિ ગણાય એવું મહત્ત્વનું અવલોકન હાઈકોર્ટે એક કેસના આદેશમાં કર્યો છે. આ કેસમાં આરોપીને નિર્દોષ છોડવાના આદેશને બહાલ રાખતાં હાઈકોર્ટે રાજ્ય સરકારે કરેલી અપીલ રદ કરી છે.

હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે આરોપી અને પીડિતા વચ્ચે શારીરિક સંબંધ વારંવાર બંધાયા હતા. જોકે, પીડિતાએ ક્યારેય તેના પરિવારના કોઈ સભ્યને જાણ કરી નહોતી કે આરોપી તેના ઘરમાં ઘૂસી ગયો હતો અને તેના પર રેપ કર્યો હતો. જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે પણ, તેણે આ ઘટના તેના પરિવારના સભ્યોને જણાવી નહોતી. ગર્ભાવસ્થા એડવાન્સ સ્ટેજ સુધી પહોંચે ત્યાં સુધી કથિત રેપ અંગે પીડિતાનું મૌન સાબિત કરે છે કે આ રેપ નહીં પણ સંમતિનો કેસ છે. તેથી આરોપીને નિર્દોષ છોડવાના ચુકાદામાં કોઈ દખલ કરવાની જરૂર નથી.

આ કેસમાં પીડિતાએ આરોપ લગાવ્યો હતો કે આરોપી વારંવાર તેના ઘરમાં એકલી હતી ત્યારે ઘૂસી ગયો અને તેના પર રેપ કર્યો. તેણે કથિત રીતે તેને ધમકી પણ આપી હતી કે જો તેણી ક્યારેય આ ઘટના કોઈને જણાવી તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. ત્યારબાદ, પીડિતા ગર્ભવતી થઈ ગઈ હતી પરંતુ ગર્ભાવસ્થાના સાતમા કે આઠમા મહિના સુધી તેણે આ માહિતી તેના પરિવારથી છુપાવી રાખી હતી. તેણે તેના માતાપિતાને જાણ કર્યા પછી, પોલીસ ફરિયાદ કરી હતી અને પોલીસે તપાસ બાદ ઔરોપી સામે ચાર્જશીટ કરી હતી. ત્યારબાદ, રેકોર્ડ પરની બાબતોને ધ્યાનમાં લેતા ટ્રાયલ કોર્ટે આરોપીને તમામ આરોપોમાંથી મુક્ત કર્યો હતો. હાઈકોર્ટે એવો અભિપ્રાય આપ્યો હતો કે આરોપી દ્વારા પીડિતા સાથે સંમતિ વિરુદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધવામાં આવ્યો હતો તે સાબિત કરવા કોઈ તબીબી પુરાવા રેકોર્ડ પર નથી. વારંવાર જો તેની સાથે આવી ઘટના બની હોય ત્યારે તે ખૂબ જ અસંભવિત હતું કે તે તેના પરિવારને આ ઘટનાઓ જાહેર ન કરે. આરોપીએ ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમિયાન એવો દાવો કર્યો હતો કે તે અને પીડિતા એકબીજાના પ્રેમમાં હતા અને તેમની વચ્ચેનો શરીર સંબંધ હતા. તેણે પોતાના દાવાના સમર્થનમાં બંનેના ફોટોગ્રાફ્સ પણ રજૂ કર્યા હતા.

### રાજ્યમાં ૩૧ ડેમ હાઇ એલર્ટ પર રખાયા

## ભારે વરસાદને કારણે નર્મદા ડેમ ૪૫.૧૮ ટકા ભરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।



સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૦૯ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. જે અંતર્ગત છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ તથા ડાંગના સુબીર તાલુકા તેમજ ભુજ તાલુકામાં ૫ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. SEOCના અહેવાલ મુજબ રાજ્યમાં આવેલ નર્મદા ડેમ ૪૮.૧૫ ટકા તેમજ અન્ય ૨૦૬ જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના ૫૪.૫૦ ટકા જેટલા ભરાઈ ગયા છે. સમગ્ર રાજ્યમાં વરસાદના પગલે ૩૧ ડેમ હાઈ એલર્ટ, ૧૯ ડેમ એલર્ટ અને ૧૮ ડેમ માટે વોર્નિંગ આપવામાં આવી છે.આજ દિન સુધીમાં વરસાદના પગલે વહીવટી તંત્ર દ્વારા ૪૨૦૫ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, તેમજ ૬૮૪ નગરિકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા ૧૩ NDRFની ટીમ તેમજ ૨૦ SDRFની ટીમ ડિપ્લોય કરવામાં આવી છે. તેમજ ૦૨ NDRFની તેમજ ૧૩ SDRFની ટીમ હેડ ક્વાર્ટર ખાતે રિઝર્વ રાખવામાં આવી છે. માછીમારોને ૧૦ જુલાઈ સુધી દરિયો નહીં ખેડવા માટે સૂચના અપાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરતના બારડોલી અને પલસાણા, કચ્છના નખત્રાણા અને ભાવનગરના વલ્લભીપુર તાલુકામાં ૪ ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો છે. તદુપરાંત વ્યારા, વાંસદા, બાલાસિનોર, વઘઈ અને મેઘરજમાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ, ૪૮ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૧૩૦ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ વરસ્યો છે. આજે સવારે ૬ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૬.૨૧ ટકા જેટલો નોંધાયો છે.

### ૨ મહિલાઓના માથે ગંભીર ઈજા પહોંચી

## ખેડા સિવિલ હોસ્પિટલમાં છત પરથી મસમોટા પોપડા પડ્યા

। (એજન્સી) ખેડા, તા.૮ ।

વરસાદી સિઝનમાં ઘણી વાર જર્જરિત બાંધકામ ઢળી પડતું હોય છે. જોકે આવા સમયે સ્થળ પર હાજર વ્યક્તિને ઈજા પહોંચવાની પૂરી સંભાવના હોય છે. ત્યારે કંઈક આવો જ બનાવ સામે આવ્યો છે ખેડા સિવિલ હોસ્પિટલમાં જ્યાં છત પરથી અચાનક પોપડાઓ પડ્યા હતા. જે સમયે પોપડા પડ્યા ત્યારે ત્યાં ૨ મહિલાઓ હાજર હતી જેમને ગંભીર ઈજા પહોંચી છે. બંને મહિલાઓ સોનોગ્રાફી રૂમની બહાર બેઠી હતી. અચાનક તેમના માથા પર પોપડા પડ્યા જેના કારણે બંને મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ હતી. આ દુર્ઘટનામાં ૨ પૈકી એક મહિલાના માથે વધારે ઈજા પહોંચી હતી જેના કારણે મહિલાના તાત્કાલિક ટાંકા લેવામાં આવ્યા હતા. જે બે મહિલાઓ આ દુર્ઘટનાનો શિકાર બની છે તેમના નામ લીલાબેન કાંતિભાઈ અને રેશમબેન ચંદુભાઈ હોવાનું સામે આવ્યું છે.

જોકે સિવિલ હોસ્પિટલની અંદર આ દુર્ઘટના ઘટી છે. જેના કારણે આ મુદ્દો હાલ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.આ દુર્ઘટના બાદ હોસ્પિટલના જુના અને જર્જરિત ધાબા મુદ્દે ફરી સવાલો ઉઠ્યા છે. આ બંને મહિલાઓ સોનોગ્રાફી રૂમની બહાર બેઠી હતી તે સમયે તેમના માથે છતના પોપડા પડ્યા હતા. બનાવને લઈને દર્દીની સાથે આવેલા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. દર્દી તેમજ પરિવારજનો બપોરના સમયે જમવા બેઠા હતા ત્યારે આ બનાવ બન્યો હતો.

### રાજ્યમા નવી મહાનગર પાલિકાઓની જાહેરાત કરી

## આણંદ મહાનગર પાલિકાને હવે કરમસદ આણંદ મહાનગર પાલિકા તરીકે ઓળખાશે

। (એજન્સી) આણંદ, તા.૮ ।



ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્યમા નવી મહાનગર પાલિકાઓની જાહેરાત કરી હતી. જેમાં આણંદને પણ મહાનગર પાલિકાનો દરજ્જો મળ્યો હતો. આણંદને મહાનગર પાલિકાનો દરજ્જો મળ્યા બાદ સરદાર પટેલના વતન કરમસદનો મહાનગર પાલિકામાં સમાવેશ કરાયો હતો. ત્યાર બાદ વિવાદનો મધપૂડો છંછેડાયો હતો. લોકોએ કરમસદને મહાનગર પાલિકામાં નહીં સમાવવા માટે આંદોલન શરૂ કર્યું હતું. પરંતુ હવે આણંદ મહાનગર પાલિકા નવા નામે ઓળખાશે. રાજ્ય સરકારે આણંદ મહાનગર પાલિકાને હવે કરમસદ આણંદ મહાનગર પાલિકા નામ માટે ખાતરી આપી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે આણંદમાં કરમસદના વિવાદનો અંત લાવવા સરકારે પ્રયાસો કર્યા છે. આણંદ મહાનગર પાલિકામાં કરમસદનો સમાવેશ કરતાં વિવાદ થયો હતો અને લોકોએ આંદોલન શરૂ કર્યું હતું.

આ આંદોલનનો અંત લાવવા માટે સરકાર દ્વારા આણંદ મહાનગર પાલિકાને નવું નામ અપાશે. હવે આણંદ મહાનગર પાલિકા કરમસદ આણંદ મહાનગર પાલિકા તરીકે ઓળખાશે. આ માટે આણંદ-ખેડાના ધારાસભ્યએ મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ નામ બદલવાની ખાતરી આપી છે. આણંદ મહાનગર પાલિકામાં કરમસદનો સમાવેશ કરાતા સરદાર પટેલના કરમસદનું અસ્તિત્વ ભૂંસાય તેવી ભિતી સેવાઈ હતી. પહેલા આણંદ મહાનગર પાલિકા નામ રખાયું હતું. જેથી વિવાદ સર્જાતા આણંદ ખેડાના ધારાસભ્યોએ મુખ્યમંત્રીને રજૂઆત કરતાં મુખ્યમંત્રીએ નામ યોગ્ય કરવા ખાતરી આપી હતી. જેથી હવે આણંદ મહાનગર પાલિકા કરમસદ આણંદ મહાનગર પાલિકા તરીકે ઓળખાશે.

## ભુજના નાગોર પાસે પાણી ભરેલા ખાડામાં ડૂબવાથી બે બહેનોના મોત

। (એજન્સી) ભુજ, તા.૮ ।

ગુજરાતમાં ભારે વરસાદના પગલે નદીનાળા છલકાયા છે. જેના કારણે ડૂબવાની ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે ભુજના નાગોર રેલવે બ્રિજ નજીક પાણીના ખાડા ડૂબવાથી બે સગી બહેનોના મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતાં સ્થાનિકો ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ બંને બહેનોના મૃતદેહને બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલ મોકલ્યા હતા. બીજી તરફ, ભુજના રુદ્રમાતા ડેમમાં એક યુવકનું ડૂબી જવાથી મૃત્યું નીપજ્યું હોવાના ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર, ભુજના નાગોર પાસે પાણી ભરેલા ખાડામાંથી આજે (૭ જુલાઈ) બપોરના સમયે હમીદાબાઈ અબ્દુલ્લા સમા (ઉં.વ.૧૮) અને અફસાના સમા (ઉં.વ.૧૬) નામની બે સગી બહેનો પાણી ભરવા માટે ગઈ હતી. આ દરમિયાન બંને બહેનો પાણીના ખાડામાં નહાવા પડી હતી.

# નર્મદા જિલ્લા દિશા સમિતિની ત્રિમાસિક બેઠક ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં યોજાઈ

### બેઠક દરમિયાન દિશા સમિતિના અધ્યક્ષશ્રીએ ૪૧ જેટલા વિભાગને આવરી લઈ સરકાર દ્વારા મળતી યોજનાકીય સહાય અંગે વિસ્તૃતમાં માહિતી મેળવી, અમલીકરણ અધિકારીશ્રીને જરૂરી સલાહ-સુચનો આપ્યા

। (માહિતી) રાજપીપળા ।



નર્મદા જિલ્લા ડિસ્ટ્રીક્ટ લેવલ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ (દિશા) કમિટીની ત્રિમાસિક બેઠક ભરૂચના સાંસદશ્રી-વ-દિશા સમિતિના અધ્યક્ષશ્રી મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં નાંદોદ ધારાસભ્યશ્રી દર્શનાબેન દેશમુખ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી મેહુલ માછી, તાલુકા પંચાયતો અને નગર પાલિકાના પ્રમુખશ્રીઓ તથા દિશા કમિટીના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

દિશા કમિટીના બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામકશ્રી પિનાકીની ભગોરાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં થયેલા વિકાસ કાર્યોનો ચિતાર અને સરકારશ્રીની યોજનાના ગ્રાઉન્ડ લેવલ પર થયેલા કામોની વિસ્તૃતમાં માહિતી આપી હતી. ત્યારબાદ જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓને તેમના વિભાગો દ્વારા જિલ્લામાં ફાળવેલા લક્ષ્યાંક અનુસાર થયેલી કામગીરી તથા બાકી કામોની વિગતો અને નાણાંકીય ખર્ચની વિગતો અંગે અધ્યક્ષ અને સભ્યોને જાણકારી આપી હતી. આ દરમિયાન તબક્કાવાર તમામ યોજનાઓના અમલીકરણ સંદર્ભે ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો અંગેની પૂર્તતા અને પ્રગતિના કામો તથા બાકી રહેલ કામોના કારણો સહિત વિસ્તૃત માહિતી સંબંધિત વિભાગો દ્વારા બેઠકમાં આપવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન દિશા સમિતિના અધ્યક્ષશ્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના, પીએમ જનમન, મનરેગા યોજના, ટ્રાઈબલ એરીયા સબ પ્લાન, મધ્યાહન ભોજન, પી.એમ.પોષણ યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, પુરક અને પોષણ સુધા યોજના, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, વાજપ ાઈ બેંકેબલ યોજના, કુંવરબાઈ મામેરુ યોજના, ભારત સરકાર પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતી યોજના, વિધવા સહાય યોજના સહિત વિવિધ વિભાગની યોજનાઓ અંતર્ગત માહે માર્ચ ૨૦૨૫ માહે જૂન ૨૦૨૫માં થયેલ પ્રગતિમાં કામો અને ખર્ચની સમિક્ષા કરવામાં આવી હતી.

દિશા સમિતિના અધ્યક્ષશ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું કે, સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે લોકહિતને ધ્યાને લઈ યોજનાઓ અમલમાં કરવામાં આવે તેમજ ખાસ કરીને આર સિટી ટ્રેનીંગ, ખેતીના સિંચાઈ માટેના બોર, જ્યાં વીજ કનેકશનનો પ્રોબ્લેમને પ્રાધાન્ય આપી ગામડાઓ સુધી પૂરતો વીજ પુરવઠો પહોંચાડવો, મધ્યાહન ભોજન અંગે, સિવિલ હૉસ્પિટલમાં પુરતો સ્ટાફ તેમજ સાફ- સફાઈ માટેનો પણ પૂરતો સ્ટાફ રાખી સ્વચ્છતા રાખવા જરૂરી છે.

વધુમાં જણાવ્યું કે, સરકારશ્રી દ્વારા પીએમ જનમન અભિયાન અંતર્ગત જિલ્લામાં જે લોકોને આવરી લેવાયા હોય તેમને સરકારીશ્રીની અનેક યોજનાની સહાય મળી રહે, ગામડાંઓમાં નવી આંગણવાડીઓને બનવામાં આવી રહે છે, જેમાં બાળકોને માળખાકીય સુવિધાઓ મળી રહે, શિક્ષણ ક્ષેત્રે બાળકો પર પૂરતું ધ્યાન આપવામાં આવે, રોડ રસ્તાની કામગીરી, પાણીના સંગ્રહ માટે ચેકડેમ બનાવી છેવાડાના લોકોને પણ પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તેમજ ખાસ કરીને દરેક ગ્રામ પંચાયત તેમજ શાળાઓ સહિત અન્ય જગ્યાએ નવા વૃક્ષો ઉગાડી વૃક્ષોની જાળવણી કરવાનો ખાસ અનુરોધ કર્યો હતો. જિલ્લામાં લોકોની પ્રાથમિક સુવિધાઓ જેવી રોડ-રસ્તા તેમજ આરોગ્ય, પાણીની વ્યવસ્થા મળવી જરૂરી છે, તેમજ ગ્રાઉન્ડ લેવલથી કામગીરી વ્યવસ્થિત થવી જોઈએ. વધુમાં જણાવ્યું કે, જે રીતે સરકાર બાળકોના ભણવા પર પુરતું ધ્યાન રાખે છે તેવી જ રીતે જિલ્લાની શાળાઓમાં ભણતા બાળકો પર ધ્યાન રાખવું જરૂરી છે. આશ્રમ શાળાના બાળકોને ગુણવત્તાયુક્ત ભોજન મળવું જરૂરી છે તેવો ખાસ અનુરોધ કર્યો હતો.

મિટિંગ દરમિયાન કુલ ૪૧ જેટલા વિભાગને આવરી લઈને સરકાર દ્વારા મળતી યોજનાકીય સહાય અંગે દિશા કમિટીના અધ્યક્ષશ્રીએ માહિતી મેળવીને જરૂરી સલાહ-સુચનો આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદી, નાયબ વન સંરક્ષકશ્રી, ઈન્ચાર્જ જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામકશ્રી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પિનાકીની ભગોરા, પ્રાયોજના વહીવટદાર સુશ્રી અંચુ વિલ્સન સહિત વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ટેક્સાસના ઇતિહાસની સૌથી ભયાવહ તારાજી

# અમેરિકામાં વરસાદી આફતઃ ટેક્સાસમાં ૨૮ બાળકો સહિત ૧૦૦થી વધુના મોત

### અમેરિકન મીડિયા રિપોર્ટ મુજબ, ટેક્સાસના હિલ કન્ટ્રી અને એડવર્ડ્સ પ્લેટુ પ્રદેશોમાં માત્ર ચાર કલાકમાં લગભગ ચાર મહિના જેટલો વરસાદ પડ્યો હતો



। (એજન્સી) ટેક્સાસ, તા.૮ ।

અમેરિકાના ટેક્સાસ હિલ કંટ્રીમાં ચોથીથી છઠ્ઠી જુલાઈના રોજ આવેલા અતિભારે વરસાદના કારણે વિનાશક પૂરથી તારાજી સર્જી છે. વિનાશક પૂરના કારણે ૨૮ બાળકો સહિત ૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલ પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા માટે ઈમરજન્સી ટીમો પૂરી તાકાત સાથે બોટ અને હેલિકોપ્ટરની મદદથી સતત શોધ કરી રહી છે. કેર કાઉન્ટીના અધિકારીઓના જણાવ્યાનુસાર, અસરગ્રસ્ત કેર કાઉન્ટીમાં કેમ્પ મિસ્ટિક અને અન્ય ઘણાં સમરના કેમ્પ છે. કેર કાઉન્ટીમાં શોધકર્તાઓને ૨૮ બાળકો સહિત ૮૪ લોકોના મૃતદેહ મળ્યા છે, જેના કારણે ટેક્સાસમાં મૃત્યુઆંક ૧૦૪ થયો છે.વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, 'સ્થાનિક અને ફેડરલ હવામાન સેવાઓએ પૂર પહેલા કેર કાઉન્ટી સમુદાયને પૂરતી ચેતવણી આપી હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ અઠવાડિયાના અંતમાં ટેક્સાસમાં પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ શકે છે. પરંતુ આ સંદર્ભમાં હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.'મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટેક્સાસના ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારનું ભયાનક પૂર આવ્યું છે. મૃત્યુઆંક ૧૦૪ થયો છે. જેમાં ૨૮ બાળકો પણ સામેલ છે. ટેક્સાસમાં મિસ્ટિક સમર કેમ્પ માં આવેલી ૧૦ બાળકીઓ સહિત ૪૧ જણ ગુમ છે. વહીવટી તંત્ર તમામની શોધ અને બચાવ કામગીરી કરી રહ્યું છે. આ કેમ્પ માં ૭૫૦ બાળકીઓએ ભાગ લીધો હતો. જેમાં ઘણી પૂરમાં તણાઈ ગઈ છે. હજી પરિસ્થિતિ કાબૂમાં આવી નથી. જેથી મૃત્યુઆંક વધવાની ભીતિ છે. અમેરિકન મીડિયા રિપોર્ટ મુજબ, ટેક્સાસના હિલ કન્ટ્રી અને એડવર્ડ્સ પ્લેટુ પ્રદેશોમાં માત્ર ચાર કલાકમાં લગભગ ચાર મહિના જેટલો વરસાદ પડ્યો હતો. એવો અંદાજ છે કે શુક્રવારે આ વિસ્તારમાં લગભગ ૧.૮ લાખ કરોડ ગેલન વરસાદ પડ્યો હતો. કેર કાઉન્ટી અને આસપાસના વિસ્તારોમાં ૧૦થી ૧૫ ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે રાષ્ટ્રીય હવામાન સેવાએ ૮ ઈંચ વરસાદનો અંદાજ લગાવ્યો હતો. આ ભારે વરસાદને કારણે, ગુઆડાલુપ નદીનું સ્તર માત્ર ૪૫ મિનિટમાં ૨૬ ફૂટ સુધી વધ્યું હતું. જેના લીધે પૂરની તારાજી સર્જી હતી. વહીવટીતંત્રના જણાવ્યા પ્રમાણે,૧૭૦૦થી વધુ ટીમો તહેનાત કરવામાં આવી છે. લગભગ ૮૫૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### પોલીસ એન્કાઉન્ટરમાં હથિયાર પુરા પાડનારો આરોપી વિકાસ ઠાર

। (એજન્સી) બિહાર, તા.૮ ।

બિહારની રાજધાની પટનામાં ગોપાલ ખેમકા હત્યાકાંડને લઈને પટના પોલીસ અને એસટીએફએ શૂટપને હથિયાર પહોંચાડનાર આરોપીનું એક્રાઉન્ટર કર્યું છે. માલસલામી વિસ્તારના ગેરકાયદેસર રીતે હથિયારો ઉપલબ્ધ કરવાનાપ વિકાસ ઉર્ફે રાજાને પોલીસે અથડામણમાં ઠાર માર્યો છેપોલીસ એક્રાઉન્ટરમાં ઠાર થનારો આરોપી હથિયાર બનાવવાનું કામ કરતો હતો. તેણે શૂટરને હથિયાર પહોંચાડ્યા હતા. દરોડા પાડવા દરમિયાન આરોપીએ પોલીસ પર ફાયરિંગ શરૂ કરી દીધું. જેના જવાબમાં પોલીસે ફાયરિંગ કર્યુ તો આરોપી ઠાર મરાયો. મહત્વનું છે કે ગોપાલ ખેમકા હત્યાકાંડની તપાસ પોલીસ રાજધાનીના સિટી વિસ્તાર સ્થિત માલ સલામી વિસ્તારમાં દરોડા પાડવા ગઈ હતી. આ દરમિયાન આરોપી અને પોલીસ વચ્ચે અથડામણ થયું.

### રેલવે ટ્રેક પાર કરતી સ્કૂલ બસને ટ્રેને ટક્કર મારી

। (એજન્સી) તમિલનાડુ, તા.૮ ।

તમિલનાડુના કુડ્ડલોર જિલ્લાના સેમનકુપ્પમ ગામમાં મંગળવારે સવારે એક દુઃખદ અકસ્માત થયો. આ અકસ્માત ત્યારે થયો જ્યારે એક સ્કૂલ બસ રેલ્વે ટ્રેક ક્રોસ કરી રહી હતી, ત્યારે પસાર થતી ટ્રેન તેને જોરદાર ટક્કર મારી. અકસ્માતમાં બે સ્કૂલના વિદ્યાર્થીઓના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે બે ગંભીર રીતે ઘાયલ વિદ્યાર્થીઓને કુડ્ડલોર સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત સમયે બસમાં પાંચ બાળકો હતા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે સ્કૂલ બસના ડ્રાઈવરે નજીક આવતી ટ્રેનને અવગણીને ટ્રેક ક્રોસ કરવાનો પ્રયાસ કર્યો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ટક્કર એટલી જોરદાર હતી કે બસને ભારે નુકસાન થયું અને તેમાં બેઠેલા બાળકો ગંભીર રીતે ઘાયલ થયા. તમિલનાડુના ઉરાપક્કમમાં એક દુઃખદ અકસ્માત થયો હતો.

### જમાલુદ્દીનની ધર્મ પરિવર્તન ગેંગનું ચોંકાવારું રેટ લિસ્ટ

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૮ ।

ઉત્તર પ્રદેશના બલરામ પુરમાં ગેરકાયદે ધર્માંતરણના મોટા નેટવર્કનો પર્દાફાશ થયા બાદ અત્યંત ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. ગેંગનો લીડર જમાલુદ્દીન ઉર્ફે છાંગુરબાબા અને સહયોગી નીતુ રોહરા ઉર્ફે નસરીનને યુપી એટીએસે દબોચી લીધા છે. જમાલુદ્દીન પર છોકરીઓને ફોસલાવીને જબરદસ્તીથી ધર્માંતરણ કરાવવાનો આરોપ છે. આ નેટવર્ક માટે વિદેશથી ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ફંડિંગ મળ્યાની વાતો સામે આવી રહી છે. આ નેટવર્ક બલરામપુરના ઉટરૌલા કસ્બામાં લાંબા સમયથી ચાલતું હતું. પોલીસના જણાવ્યાં મુજબ આ ગેંગમાં હિન્દુ છોકરીઓના ધર્માંતરણની કાયદેસર રીતે એક ફી નક્કી હતી. મીડિયા રિપોર્ટ મુજબ બ્રાહ્મણ, ઠાકુર અને શીખ છોકરીનું ધર્મ પરિવર્તન કરાવવા પર ૧૫થી ૧૬ લાખ રૂપિયા મળતા હતા.

### આરોપી પર NDPS અને છેતરપિંડી જેવા ગંભીર આરોપો

## ઉદયપુરના સુખેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ફિલ્મી સસ્પેન્સ જેવો માહોલ સર્જાયો

### પોલીસ-આરોપી વચ્ચે ઉદયપુરમાં અથડામણ, SUVની બોનેટ પર લટકાયેલા હતા પાલનપુરના સબ ઇન્સ્પેક્ટર, ગુનેગારે કારથી કચડવાની કોશિશ કરી

। (એજન્સી) ઉદયપુર, તા.૮ ।

ઉદયપુરના સુખેર વિસ્તારમાં, લૂંટના આરોપી સુરેશ રાજપુરોહિતે ગુજરાત પોલીસના એક અધિકારીને કચડી નાખવાનો પ્રયાસ કર્યો. પોલીસકર્મીએ સ્વબચાવમાં ગોળીબાર કર્યો, પરંતુ આરોપી તેની કારમાં ભાગી ગયો. મંગળવારે, ઉદયપુર શહેરના સુખેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ફિલ્મી સસ્પેન્સ જેવો માહોલ સર્જાયો, જ્યારે એક વોન્ટેડ આરોપીને પકડવા આવેલી ગુજરાત પોલીસની કાર્યવાહી રોમાંચક દ્રશ્યમાં ફેરવાઈ ગઈ. ગુજરાતના પાલનપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જયદીપ સરવૈયા આરોપીને રોકવાના પ્રયાસમાં જીફના બોનેટ પર કૂદી પડ્યા, પરંતુ આરોપીએ કાર રોકી નહીં. SHO લગભગ અડધો કિલોમીટર સુધી બોનેટ પર લટકતો રહ્યો અને તે દરમિયાન તેણે સ્વબચાવમાં પણ ગોળીબાર કર્યો. આમ છતાં, આરોપી કાર લઈને ભાગી ગયો. ફરાર આરોપીની ઓળખ જાલોરના રહેવાસી સુરેશ રાજપુરોહિત તરીકે થઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરેશ NDPS એક્ટ અને છેતરપિંડી જેવા કેસોમાં વોન્ટેડ છે અને લાંબા સમયથી પોલીસને ટાળી રહ્યો છે. ગુજરાતના પાલનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેની વિરુદ્ધ એક નવો કેસ નોંધવામાં આવ્યો હતો, ત્યારબાદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ દ્વારા તેનું લોકેશન ટ્રેસ કર્યું અને ઉદયપુરમાં દરોડા પાડ્યા હતા. જ્યારે ગુજરાત પોલીસની ટીમ ઉદયપુર પહોંચી ત્યારે આરોપી એસયુવીમાં સવાર હતો અને પોલીસની હાજરીની જાણ થતાં જ તેણે ભાગવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન, એસએચઓ જયદીપ સરવૈયા એસયુવીની સામે આવ્યા અને તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ સુરેશે ગતિ વધારી દીધી. જયદીપ સરવૈયા પોતાના જીવની પરવા કર્યા વિના બોનેટ પર ચઢી ગયા. બોનેટ પર લટકતા, એસએચઓએ પોતાની પિસ્તોલ કાઢી અને આરોપી પર ગોળીબાર કર્યો. પરંતુ, ગોળી વાગી હોવાની પુષ્ટિ થઈ શકી નથી. આરોપીએ કાર રોકી ન હતી અને એસએચઓ ખતરનાક વળાંક પર આવી ગયા હતા. આ પછી, સુરેશ કાર લઈને ભાગી ગયો. સદનસીબે, એસએચઓને ગંભીર ઈજા થઈ ન હતી. ઘટના પછી તરત જ, સુખેર પોલીસ સ્ટેશન અને ગુજરાત ટીમે સમગ્ર વિસ્તારમાં નાકાબંધી શરૂ કરી દીધી. ઉદયપુર શહેરના તમામ સંભવિત બહાર નીકળવાના સ્થળો પર તપાસ ચાલી રહી છે. પોલીસનું માનવું છે કે આરોપી હજુ પણ નજીકમાં છુપાયેલો હોઈ શકે છે. પાલનપુર પોલીસ સ્ટેશનના અધિકારી જયદીપ સરવૈયાએ સુખેર પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે. IPCની અનેક કલમો સાથે, તેમાં પોલીસ પર હુમલો અને હત્યાના પ્રયાસની કલમો પણ ઉમેરવામાં આવી છે.

### ભારત સહિત ૧૨ દેશો ગેરહાજર રહ્યા

## પાકિસ્તાને આપ્યો દગો... UNમાં ઘેરાયું અફઘાનિસ્તાન તો વહારે આવ્યું ભારત

### પાકિસ્તાને તાલિબાનને દગો આપ્યો અને આ પ્રસ્તાવનું સમર્થન કર્યું, પરંતુ આ દરમિયાન ભારત અફઘાનિસ્તાનની મદદ માટે આગળ આવ્યું

। (એજન્સી) પાકિસ્તાન, તા.૮ ।

પાકિસ્તાન લાંબા સમયથી ભારત સામે જે આતંકવાદનો ઉપયોગ હથિયાર તરીકે કરતું આવ્યું છે, તે જ આતંકવાદ જ્યારે તેને અફઘાનિસ્તાન સરહદ પર ડંખ મારી રહ્યો છે, ત્યારે તે બોખલાઈ ગયું. જ્યારે સંયુક્ત રાષ્ટ્રમાં આતંકવાદના મુદ્દા પર અફઘાનિસ્તાનને ઘેરવા માટે પ્રસ્તાવ આવ્યો, ત્યારે પાકિસ્તાને તાલિબાનને દગો આપ્યો અને આ પ્રસ્તાવનું સમર્થન કર્યું, પરંતુ આ દરમિયાન ભારત અફઘાનિસ્તાનની મદદ માટે આગળ આવ્યું.

UNમાં પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો કે, તાલિબાન સરકાર આતંકવાદ માટે પોતાની જમીનનો ઉપયોગ કરવાથી અટકાવે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સોમવારે આ મુદ્દે મતદાન થયું ત્યારે ભારત ગેરહાજર રહ્યું અને આ મતદાનથી અંતર જાળવી રાખ્યું. UNમાં આ પ્રસ્તાવ ૧૧૬ મતોના સમર્થનથી પસાર થયો હતો, પરંતુ ભારતે ગેરહાજર રહીને એક મોટો રાજદ્વારી સંદેશ આપ્યો છે. આશ્ચર્યજનક રીતે અમેરિકા અને ઈઝરાયલે આ પ્રસ્તાવની વિરુદ્ધ મતદાન કર્યું. જ્યારે ભારત સહિત ૧૨ દેશો ગેરહાજર રહ્યા.

ભારતે કહ્યું કે, કોઈ નવા અને અફઘાનિસ્તાનને ટાર્ગેટ કરનારા આવા કોઈ પગલાની જરૂર નથી. આનાથી અફઘાન લોકોની સ્થિતિ સુધારવાના આંતરરાષ્ટ્રીય સમુદાયના લક્ષ્યમાં કોઈ મદદ નહીં મળશે. યુએનમાં 'અફઘાનિસ્તાનની પરિસ્થિતિ' નામનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પાર્વથેની હરીશે કહ્યું કે, ભારત અફઘાનિસ્તાનમાં સુરક્ષા પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યું છે. વિશ્વના દેશોએ એક થવાની અને તે પ્રતિબંધિત સંગઠનો અને વ્યક્તિઓને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કરતા અટકાવવાની જરૂર છે. અલ કાયદા, ISIS અને તેના સહયોગી જૂથો સાથે લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનો પર સકંજો કસવામાં આવે અને તેમને ટેકો આપનારા દેશો પર પણ નિયંત્રણો લાદવા જોઈએ જેથી તેઓ અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિઓ માટે ન કરી શકે.

ભારતીય પ્રતિનિધિએ વિદેશ મંત્રી એસ. જયશંકર અને તાલિબાનના નિયુક્ત વિદેશ મંત્રી વચ્ચેની તાજેતરની વાતચીતનો ઉલ્લેખ કર્યો. વાતચીતમાં તાલિબાને પહલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી, જેનું ભારતે સ્વાગત કર્યું. આ પહેલા ભારતના વિદેશ સચિવ અને અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી વચ્ચેની મુલાકાતમાં દ્વિપક્ષીય અને પ્રાદેશિક વિકાસ સાથે સંબંધિત તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

### મરાઠી વિવાદ

## મુંબઈના રસ્તા પર વેપારી vs MNS, પોલીસે ટીંગાટોળી કરી કાર્યકર્તાઓને ડિટેઈન કર્યા

### પોલીસે સવારે ૩:૩૦ વાગ્યે મનસેના થાણે અને પાલઘરના વડા અવિનાશ જાધવ સહિત ઘણા અગ્રણી નેતાઓને કસ્ટડીમાં લીધા હતા

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૮ ।

મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ એ હદે વધી ગયો છે કે રાજ ઠાકરેની પાર્ટી મનસેના કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા છે. પરિસ્થિતિ એવી છે કે થોડા દિવસો પહેલા પાર્ટીના કાર્યકરોએ એક ફૂડ સ્ટોલ માલિકને માર માર્યો હતો. વ્યાપારી સંગઠનોએ આનો વિરોધ કર્યો હતો. હવે તેના જવાબમાં મનસેના કાર્યકરોએ મંગળવારે રેલી કાઢી છે, જ્યાં પોલીસ પણ કડક કાર્યવાહી કરી રહી છે. એવું કહેવામાં આવે છે કે આ રેલી પોલીસની પરવાનગી વિના કાઢવામાં આવી હતી અને તેના કારણે થાણે જિલ્લામાં ભારે ટ્રાફિક જામ અને તણાવ સર્જાયો હતો. રેલી શરૂ થાય તે પહેલાં જ પોલીસે સવારે ૩:૩૦ વાગ્યે મનસેના થાણે અને પાલઘરના વડા અવિનાશ જાધવ સહિત ઘણા અગ્રણી નેતાઓને કસ્ટડીમાં લીધા હતા. આ મામલે પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'મનસેના કાર્યકરો દ્વારા કાઢવામાં આવેલી રેલી મંજૂર રૂટ પર નહોતી. તેથી જ પોલીસે કાર્યવાહી કરવી પડી. મહારાષ્ટ્ર એક લોકશાહી રાજ્ય છે અને અહીં કોઈપણ વિરોધ કરી શકે છે, પરંતુ તેના માટે પહેલા પરવાનગી લેવી પડશે.'આ અંગે પ્રતિક્રિયા આપતા મનસે નેતા સંદીપ દેશપાંડેએ કહ્યું, 'આ પરિસ્થિતિ કટોકટી જેવી છે. ગુજરાતી વેપારીઓની રેલીને પૂર્ણ સન્માન આપવામાં આવી રહ્યું છે ત્યારે અમારા નેતાઓની વહેલી સવારે ધરપકડ કરવામાં આવી હતી. શું આ મહારાષ્ટ્ર સરકાર છે કે ગુજરાત સરકાર? સરકાર ગમે તે કરે, મરાઠી લોકોની આ રેલી ચોક્કસ થશે.'આ મહિનાની શરૂઆતમાં મીરા-ભાયંદર વિસ્તારમાં એક ફૂડ સ્ટોલ માલિકને મરાઠીમાં વાત ના કરવાના કારણે માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેના પછી વેપારી સમુદાયમાં ઘણો ગુસ્સો હતો. વેપારીઓએ આ ઘટનાનો વિરોધ કરવા માટે શાંતિપૂર્ણ રેલીનું આયોજન કર્યું હતું.

### કુલદીપ યાદવ ત્રીજી ટેસ્ટમાં પણ નહીં રમે?

## એજબેસ્ટનની જીત હંમેશા મારી યાદોમાં રહેશે : શુભમન ગિલ

। (એજન્સી) બર્મિંગહામ, તા.૮ ।

ભારતના કેપ્ટન શુભમન ગિલે બર્મિંગહામમાં ટેસ્ટ સિરીઝ બરાબર કરનારી શાનદાર જીતને યાદગાર ગણાવી છે. તેમણે કહ્યું કે જ્યારે પણ તેઓ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે, ત્યારે એજબેસ્ટનમાં ઈંગ્લેન્ડ સામે ભારતને પહેલી ટેસ્ટ જીત અપાવવી તેમની સૌથી પ્રિય યાદોમાંની એક હશે.૨૫ વર્ષીય ગિલની કેપ્ટનશીપની શરૂઆત ભારતે લીડ્સમાં શ્રેણીની શરૂઆતી મેચ ગુમાવવાથી કરી હતી, પરંતુ ભારતીય ટીમે શાનદાર વાપસી કરી અને બીજી મેચ ૩૩૬ રનના મોટા માર્જિનથી જીતી હતી. ટેસ્ટ ક્રિકેટમાં આ મેદાન પર ભારતની આ પહેલી જીત છે.ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં ગિલે કહ્યું, આ એવી વસ્તુ છે જેને હું મારા બાકીના જીવનભર યાદ રાખીશ. મને લાગે છે કે જ્યારે પણ હું નિવૃત્તિ લઈશ, ત્યારે આ મારી સૌથી પ્રિય યાદોમાંની એક હશે. મારે આ મેચનો છેલ્લો કેચ પકડવો પડ્યો અને હું ખૂબ જ સંતુષ્ટ અને ખુશ છું કે અમે આ મેચ જીતી શક્યા. હજુ ત્રણ મહત્વપૂર્ણ મેચ બાકી છે. આ મેચ પછી ઝડપી પરિવર્તન આવશે અને મને લાગે છે કે તે સારું છે કારણ કે હવે લય અમારી સાથે છે.ગિલે ઉમેર્યું કે, બધા ખેલાડીઓએ પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી હતી. જે રીતે બધાએ બોલ અને બેટથી યોગદાન આપ્યું તે ખૂબ જ સકારાત્મક બાબત છે. આ જ વસ્તુ ટીમને ચેમ્પિયન બનાવે છે અને આ આપણા માટે એક સારો સંકેત છે. ભારતીય કેપ્ટને ડ્રેસિંગ રૂમમાં પોતાના સંબોધનમાં પોતાના સાથી ખેલાડીઓની પ્રશંસા કરતા કહ્યું કે, અમે આ સ્થાન પ્રાપ્ત કરવા માટે ખૂબ જ મહેનત કરી છે. હું જાણું છું કે ટેસ્ટ મેચ જીતવી કેટલી મુશ્કેલ છે, ખાસ કરીને આ મેદાન પર જ્યાં અમે પહેલાં કોઈ ટેસ્ટ જીતી શક્યા નથી. હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે મને આપણા બધા પર ગર્વ છે, કારણ કે મને લાગે છે કે પહેલા દિવસે આપણે કહ્યું હતું કે ટેસ્ટ મેચ જીતવા માટે આપણે બધાએ યોગદાન આપવું પડશે અને બધાએ તેમાં યોગદાન આપ્યું છે.ભારતીય કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે કુલદીપ યાદવ જેવા વિકેટ લેનારા સ્પિનરને પ્લેઈંગ ઈલેવનમાં રાખવું હંમેશા આકર્ષક હોય છે.

### હિમાચલમાં વાદળ ફાટતા ૩૦ લોકો ગૂમ

## હિમાચલમાં ૧૫ દિવસમાં વાદળ ફાટવાની ૧૯ ઘટના



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

આ ચોમાસામાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સ્થિતિ વધુ કફોડી બની ગઈ છે. હિમાચલમાં ચોમાસુ શરૂ થયું ત્યારથી અત્યાર સુધી ભુસ્ખલનની ૧૬, વાદળ ફાટવાની ૧૯ અને પૂરની ૨૩ ઘટનાઓ સામે આવી ચુકી છે અને મૃત્યુઆંક ૮૦ સુધી પહોંચવા આવ્યો છે. મંગળવાર અને બુધવારે પણ આ પહાડી રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. અન્ય રાજ્યોમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજસ્થાનમાં આ ચોમાસામાં સામાન્ય કરતા ૧૨૬ ટકા વધુ વરસાદ પડયો છે. ૧ જૂનથી ૭ જુલાઈ સુધી રાજ્યમાં ૧૮૩.૫ મીમી વરસાદ નોંધાયો છે. ઝારખંડમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે, રાજ્યના પાંચ જિલ્લામાં હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે રાંચીમાં એક મકાન ધરાશાયી થતા એક ૧૨ વર્ષના સગીરનું મોત નિપજ્યું હતું. ઉત્તરાખંડમાં પણ હિમાચલ જેવા હાલ છે, ઉત્તરાખંડમાં યમુનોત્રી તરફ જતા ઓજરી પાસે નેશનલ હાઈવેનો પુલ પાણીમાં ધોવાઈ ગયો હતો. જેને પગલે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. અહીંના ચામોલીમાં પ્રશાસન દ્વારા ભુસ્ખલનનું એલર્ટ જાહેર કરાયું હતું. દિલ્હી, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતના ૧૫થી વધુ રાજ્યોમાં ભારેથી અતી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. નાગાલેન્ડમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ છે અહીંના દિમાપુર એરપોર્ટ પર ફ્લાઈટો રદ કરવી પડી હતી, જ્યારે વરસાદની ઘટનાઓમાં ત્રણ લોકોએ જીવ ગૂમાવ્યો હતો. હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટતા ભારે પૂર આવ્યું હતું જેમાં ૩૦ લોકો ગૂમ થઈ ગયા છે, તેમની શોધખોળ માટે એનડીઆરએફ, સૈન્ય, આઈટીબીપી, પોલીસ અને હોમગાર્ડના ૨૫૦થી વધુ જવાનોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. હિમાચલમાં હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું હતું. જ્યારે મધ્ય પ્રદેશમાં રાજ્યના અડધા જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે. ચાર જિલ્લાઓમાં શાળાઓને બંધ રાખવામાં આવી હતી.

## અંગત અદાવતમાં પરિવારના પાંચ સભ્યોને જીવતા સળગાવ્યા

### તાંત્રિકે ગ્રામવાસીઓને ભડકાવ્યા હતા અને તે બાદ બેકાબૂ ભીડે બાબુલાલ અને તેના પરિવારના સભ્યોને જીવિત સળગાવી દીધા હતા

। (એજન્સી) બિહાર, તા.૮ ।

બિહારના પૂર્ણિયામાં આવેલા ટેટગામા ગામમાં ૫ લોકોને જીવિત સળગાવી દેવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ હત્યાકાંડમાં હવે નવો ખુલાસો થયો છે. આ ખુલાસામાં જાણવા મળ્યુ છે કે, તાંત્રિકે ગ્રામવાસીઓને ભડકાવ્યા હતા. અને તે બાદ બેકાબૂ ભીડે બાબુલાલ અને તેના પરિવારના સભ્યોને જીવિત સળગાવી દીધા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ધરપકડ કરાયેલા તાંત્રિકે પૂછપરછમાં ખુલાસો કર્યો હતો. બિહારના પૂર્ણિયામાં આવેલી ટેટગામા ગામમાં પાંચ લોકોને સળગાવ્યા બાદની ઘટનાથી આસપાસ ભયનો માહોલ છે. નજીકના ૨૩ ગામમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટના મામલે કોઈ જુબાની આપવા તૈયાર નથી. પોલીસે સ્થાનિકોની પૂછપરછ શરુ કરી હતી. પરંતુ કોઈ સફળતા હાથ લાગી ન હતી. મૃતક બાબુલાલ ઉરાંવ તંત્ર મંત્રનું કામ કરતો હતો. બાબુલાલનો પાડોશી રામદેવ ઉરાંવનો ૮ વર્ષિય બાળક ખેતરમાં કામ કરવા ગયો હતો. બાળક સવારથી ભૂખ્યુ હતુ. અને જ્યારે તે ઘરે આવ્યો ત્યારે તે ઘરમાં ઢળી પડ્યો હતો. બિમાર બાળકને બાદમાં તાંત્રિક નકુલ ઉરાંવ પાસે લઈ જવાયો હતો. અને તેના પર તંત્ર ક્રિયા કરવામાં આવી હતી. પરંતુ આ દરમિયાન તેનું મૃત્યુ થયુ હતુ. બસ આ ઘટનાનો ફાયદો ઉઠાવીને તાંત્રિક નકુલ ઉરાંવે બાળકની મોત બાદ તેના પિતા રાજારામને ભડકાવ્યા હતા. અને કહ્યુ હતુ કે, આ બધી ક્રિયા પાછળ તાંત્રિક બાબૂલાલનો હાથ છે. તેની તાંત્રિક વિધિના કારણે આ બધી પરિસ્થિતિ ઉભી થઈ છે. બાસ બાદમાં તેણે સ્થાનિકોને ભડકાવવાનું કામ શરુ કર્યુ હતુ. અને બાબુલાલના પરિવારને જીવિત સળગાવ્યો હતો. રાજારામના ઘરમાં વધુ બે બાળકો બિમાર થયા હતા. જે બાદ આ મામલો વકર્યો હતો. આ બાળકોને શરદી-ખાંસી અને તાવ હતો. જેના કારણે તેમની તબિયત ખરાબ થઈ હતી. પરંતુ આના માટે પણ તાંત્રિક વિદ્યા જવાબદાર હોવાનું લોકોએ જણાવ્યુ હતુ. ગ્રામજનોએ બાબુલાલના પરિવાર પર હુમલો કર્યો હતો. અને તેમની સાથે મારામારી શરુ કરી હતી. ઘરના ૫ સભ્યો પર પેટ્રોલ છાંટીને તેમની જીવિત સળગાવવામાં આવ્યા હતા. આ તમામ મૃતદેહોને ૨ કિમી દૂર દરગાહ ઘેસરિયા બહિયારમાં માટી નાંખીને દાટવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ...

# RSSએ ઘર-ઘર સંપર્કની પણ બનાવી યોજના

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની દિલ્હી ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં દેશની સુરક્ષા સાથે સાથે મણિપુરની પરિસ્થિતિ પર પણ ચર્ચા થઈ હતી. હાલમાં મણિપુરની પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે, જોકે પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય થવામાં થોડો સમય લાગી શકે છે. સંઘનું કહેવું છે કે, દેશ દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર વિકાસ હાંસલ કરી રહ્યો છે. સંઘ આ વિકાસને દરેક દ્રષ્ટિએ સર્વસમાવેશક બનાવવા માટે કામ કરશે. એ માટે દરેક મંડળ અને દરેક વસાહતમાં હિન્દુ પરિષદોનું આયોજન કરવામાં આવશે. ૧૧૩૬૦ થી વધુ સામાજિક સંવાદિતા સભાઓનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વખતે વિજયાદશમીએ સ્વયંસેવકો સંઘના ડ્રેસ કોડમાં પહોંચશે અને લોકો સાથે સંપર્ક કરશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે સોમવારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સમાજને મજબૂત બનાવવા માટે ઘરે ઘરે સંપર્ક કરવાની સંઘની યોજના છે. સંઘના તમામ સંગઠનાત્મક ૯૨૪ જિલ્લાઓમાં રાષ્ટ્ર અને હિન્દુત્વના મહત્ત્વપૂર્ણ વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે. સંઘે દરેક સમાજ અને દરેક વર્ગના લોકો સુધી પહોંચવાની યોજના બનાવી છે. આ માધ્યમ દ્વારા હિન્દુ સમાજના તમામ વર્ગોને એક કરવાની યોજના છે.

## સ્ટાર્ટ-અપ એક્સિલરેટર વેવએક્સે "કલા સેતુ" લોન્ચ કર્યું

જેમ જેમ ભારત તેની ડિજિટલ ગવર્નન્સ યાત્રાને વેગ આપી રહ્યું છે, તેમ તેમ નાગરિકો સાથે તેમની પોતાની ભાષાઓમાં તાત્કાલિક અને અસરકારક રીતે વાતચીત કરવાની ક્ષમતા પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે. અર્થપૂર્ણ જાહેર પહોંચ માટે જરૂરી સ્કેલ, ગતિ અને વિવિધતા સાથે તાલમેલ રાખવા માટે સામગ્રી બનાવવાની પરંપરાગત પદ્ધતિઓ આજે મર્યાદાઓનો સામનો કરે છે. ભારત સરકારની સમાવિષ્ટ, ટેકનોલોજી-આધારિત સંદેશાવ્યવહાર પ્રત્યેની પ્રતિબદ્ધતાને અનુરૂપ, AI-આધારિત ઉકેલો અપનાવવા માટે મજબૂત દબાણ છે જે ભાષાકીય વિભાજનને દૂર કરી શકે છે અને દેશભરમાં છેલ્લા માઈલ સુધી માહિતી પહોંચાડી શકે છે.

સમાવેશક સંદેશાવ્યવહાર માટે છૈં ની શક્તિનો ઉપયોગ કરવાના વ્યૂહાત્મક પ્રયાસમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલયે તેના ઉદ્ઘાટન સ્ટાર્ટઅપ એક્સિલરેટર પ્લેટફોર્મ દ્વારા ''કલા સેતુ - ભારત માટે રીઅલ-ટાઈમ ભાષા તકનીક'' ચેલેન્જ શરૂ કરી છે. આ રાષ્ટ્રવ્યાપી પહેલ ભારતના અગ્રણી AI સ્ટાર્ટઅપ્સને બહુવિધ ભારતીય ભાષાઓ માટે સમર્થન સાથે, ટેક્સ્ટ્યુઅલ ઈનપુટ્સમાંથી ઑડિઓ, વિડિઓ અને ગ્રાફિક સામગ્રીના સ્વચાલિત ઉત્પાદન માટે સ્વદેશી, સ્કેલેબલ ઉકેલો વિકસાવવા આમંત્રણ આપે છે.

ગુરુદેવ તો ફક્ત એકવાર બાજરાની નાની રોટલી અને દૂધ અથવા ભાજી ગ્રહણ કરતાં

# સાચાં સદગુરુ શિષ્યનાં ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળ વાંચી શકે છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ગુરુદેવ તો ફક્ત એકવાર બાજરાની નાની રોટલી અને દૂધ અથવા ભાજી ગ્રહણ કરતાં. પરંતુ ભિક્ષુકોને એવું રોજ ભાવે નહીં, આથી આશ્રમમાં ઘણી પ્રકારના શાકભાજી વગેરે ઉગાડ્યા હતાં.**

ગુરુપૂર્ણિમાનાં ઉત્સવ નિમિત્તે આશ્રમમાં છેલ્લા અઠવાડિયાથી સાફસૂફી ચાલતી હતી, અને દરેક કક્ષની ઝીણવટ ભરી તપાસ થઈ રહી હતી. હવે તો મહેમાનો આવે તો કોઈ જ પ્રોબ્લેમ થાય તેવું ન્હોતું. ફક્ત બે દિવસ પછી ગુરુપૂર્ણિમા છે, અને આખો આશ્રમ સાધકોથી ભરાઈ જશે. ગુરુદેવ પણ આ એક દિવસ સિવાય આમ પણ ક્યાં સૌને મળે છે? તેઓ તો કાયમ અંતર ધ્યાન અવસ્થામા રહેતાં હતાં, અને પોતાની કૂટિયાની બહાર નીકળતા જ ન્હોતાં. અન્ન પાણી પણ દિવસમાં એક જ વાર ગ્રહણ કરતાં હતાં. છેલ્લા ૨૦ વર્ષથી ખૂબ આકરું તપ કરી રહ્યા હતાં, કાયા પણ દિવસે દિવસે કૃશ થતી જતી હતી. પરંતુ તેજ તો જાણે ભાલમાં ચંદ્ર ચોડ્યો હોય એટલું અપરંપાર, અને શબ્દ જાણે સાક્ષાત બ્રહ્મ થઈને નીકળતો હોય, એમ તરત જ બધું સમજાઈ જાય એવો સરળ જ્ઞાનોપદેશ આપતાં હતાં. આમ તો આશ્રમમાં લગભગ ત્રીસ ભિક્ષુક રહેતા હતાં, અને એ ઉપરાંત અન્ય થોડી ગાયને એક ઘરડો બળદ. દરેક ભીક્ષુક ગુરુદેવના બતાવ્યા મુજબ રોજ સવારે વહેલા ઉઠી અને ધ્યાન ઈત્યાદિ કર્મ કરતાં, યજ્ઞ-હવન પણ કરતાં. તેમજ બધું જ કામ ભીક્ષુકો જાતે કરતાં એટલે કે રસોઈ પકવવાની, કપડાં ધોવાના, આશ્રમ સાફ કરવાનો, તેમજ જંગલ માંથી લાકડા કાપીને લાવવાનાં, અનાજ કરિયાણું લાવવાનું અને વાડીમાંથી શાકભાજી તોડવાના. એટલે કામની વહેચણી ગુરુદેવ જ્યારે આ રીતે બહાર આવે ત્યારે કરી દેતાં, અને ૧૨ મહિના સુધી એ જ પ્રમાણે દરેક ભીક્ષુકો એ કામ કરવાનું રહેતું. ૩૦ ભિક્ષુક માંથી ૧૫ /૧૫ ની બે ટીમ બનાવવામાં આવી હતી. આમ તો લગભગ ૨૦ થી ૩૫ ની ઉંમરના ભીક્ષુકો હતાં એટલે શારીરિક રીતે પણ કોઈ તકલીફ રહેતી નહીં. તો આશ્રમના હવા પાણી પણ શુદ્ધ હતાં, અને શાકભાજી પણ પોતાની વાડીનું, આશ્રમની ગાયનું દૂધ, એટલે એ રીતે પણ કોઈ તકલીફ હતી નહીં. પરંતુ બે ભિક્ષુક મોટી ઉંમરના હતાં, એટલે કે ૫૦ પરના અને સ્વાભાવિક રીતે જ પછી થાક લાગતો હોય તો, ક્યારેક હાથ માથું દુઃખે પણ ખરું એટલે બંને ટીમમાં ગુરુવરે એક એક મોટી ઉંમરના ભિક્ષુકને રાખ્યો હતો, જે કામની કારીગરીનું ઈન્સ્પેક્શન કરતાં, ક્યારે, ક્યાં, અને કેટલું, એ બધું આ બંને લોકો નક્કી કરતાં હતાં. ગુરુદેવ તો ફક્ત એકવાર બાજરાની નાની રોટલી અને દૂધ અથવા ભાજી ગ્રહણ કરતાં. પરંતુ ભિક્ષુકોને એવું રોજ ભાવે નહીં, આથી આશ્રમમાં ઘણી પ્રકારના શાકભાજી વગેરે ઉગાડ્યા હતાં, અને સ્વાદ અનુસાર શાક બનતાં. બે મોટી ઉંમરના ભીક્ષુકો આજે નાના ભીક્ષુકોને કહી રહ્યા હતાં, કે ગુરુપૂર્ણિમાના ઉત્સવ નિમિત્તે કોઠારમાં કેટલું અનાજ છે, અને કેટલું ખૂટે છે, તેનો અંદાજ કાઢવો પડશે! કારણ કે ગુરુદેવ તો એ દિવસે સવારે જ કૂટિયા માંથી બહાર આવશે. આ પહેલાં પોતાના ૩૦ જણાનું જ આયોજન એમણે કરેલું હોવાથી, પોતાના સ્વાદ અને ખોરાક મુજબ તેમણે બધી વસ્તુઓ મંગાવી લીધી.

ગુરુપૂર્ણિમાનો દિવસ આવી ગયો, અને ગુરુદેવ કૂટિયા માંથી બહાર આવ્યા, એમણે સાધનસામગ્રી જોઈ અને કહ્યું કે આટલું અનાજ તો ઓછું પડશે!! આ તો ફક્ત ૫૦૦ જણાનું સીધું છે, એમ કહીએ તે ફરી અન્ય વિભાગ જોવા ચાલ્યા ગયાં. સાધકો ચિંતામાં પડી ગયાં, અને એને થયું કે ૫૦૦ માણસથી વધારે કેટલા સાધકો આવવાના છે! કેમ ગુરુદેવ આવી વાત કરે છે? આપણા આશ્રમ વિશે તો લોકોને બહુ ખબર પણ નથી, પહાડી પરના આશ્રમમાં જ સૌથી વધુ લોકો જતાં હોય છે, કંઈ ઓછું નહીં થાય, ચિંતાનું કોઈ કારણ નથી, એમ મનોમન આશ્વાશન લેવા લાગ્યાં.

ધીરે ધીરે બધાજ ભિક્ષુકોએ ગુરુ પૂજન કરી લીધું, અને આશ્રમમાં સાધકોની ભીડ થવાની શરૂઆત થઈ ગઈ. રસોડાની સ્થિતિ વિશે તેને ખ્યાલ હતો કે ઓછામાં ઓછા ૩૦૦૦ સાધકો આવશે, જ્યારે સીધું તો ૫૦૦ જણાનું જ છે. પરંતુ પોતાનાં સમાધિસ્થ સદગુરુદેવ પર પૂર્ણ ભરોસો હતો. થોડીવારે બીજા સાધનોનું ટોળું આવ્યું, અને એમ કરતાં આશ્રમ આખો ભરાઈ ગયો. ભિક્ષુકો પણ ચિંતા ગ્રસ્ત થઈ વિચારતાં હતાં કે હવે શું થશે? પરંતુ ગુરુદેવની મુખમુદ્રામાં કોઈ જ ચિંતા હતી નહીં, તે એ જ શાંતિ અને આનંદનો લેપન કરીને જાણે બેઠા હોય તેમ, ધ્યાન મગ્ન અવસ્થામાં બેઠા હતાં. થોડી વાર થઈ ત્યાં કેટલાક સાધકો ૧૦ ગાયને લઈને આવ્યાં, એની પાછી થોડીવાર થઈ, ત્યાં ગાડાઓ ભરીને અનાજ વગેરે સાધન સામગ્રીઓ આવી. એમ એમ કરતાં બીજા ૨૫૦૦ જણાની રસોઈ થઈ શકે તેટલુ સીધું આવી ગયું. ભિક્ષુકો વિચારતા હતા કે ગુરુદેવ ત્રિકાળ જ્ઞાની છે, અને તેમણે કોઈ માર્ગ કાઢ્યો હશે. ગુરુપૂર્ણિમા પૂરી થશે, એટલે આપણે તેમને આ વિશે પૂછીશું. ગાયના તાજા દૂધમાંથી ખીર બનાવી અને અન્ય સામગ્રીમાંથી બીજું ભોજન બધા બનાવવા લાગ્યા, સાધકો પણ મદદ કરતા હતા. આમ ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ રંગેચંગે સમાપ્ત થઈ ગયો, અને ગુરુવર પોતાની કૂટિયામાં જવા ઉભા થયા. શાંતનુ નામનો એક ભિક્ષુક ઉભો થયો અને ગુરુદેવ! એક પ્રશ્નનો જવાબ આપીને જાવ! કે આ બધું કઈ વિદ્યાથી શક્ય બન્યું?! ગુરુદેવે પોતાના સદગુરૂનાં ફોટા તરફ અંગુલી નિર્દેશ કરતા કહ્યું કે, આની પરનો દ્રઢ ભરોસો,એ એક એવી વિદ્યા છે, જે શીખવાડી શકાતી નથી. શાંતનુ ફરી બોલ્યો, પરંતુ ગુરુદેવ આપને ૫૦૦ સાધકથી વધુ સાધક આવશે એવી કઈ રીતે ખબર પડી? ગુરુદેવે કહ્યું મોસમને આધારે, એટલે કે બહાર જુઓ આ વખતે પહાડી પર વારંવાર ભૂસ્ખલન થાય છે, એટલે સાધકો ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ કરવા નીકળ્યા હોય, અને ત્યાં જઈ શકાય નહીં, તો રસ્તામાં અથવા તો નજીકમાં આવતા આશ્રમમાં જ આવે! એવું એક સીધું ગણિત માંડયું. શાંતનુ ફરી બોલ્યો એટલે આ ત્રિકાળજ્ઞાની એવી વાતો બધા કરે છે, તે શું ખોટી છે? ગુરુદેવે કહ્યું કે બિલકુલ ખોટી નથી, ગુરુ હંમેશા સાધકના ત્રણેય કાળ વાંચી શકે છે, અને કોઈ સાધક પોતાના ગુરુથી પોતાનો ભૂતકાળ છુપાવી શકતો નથી, કે વર્તમાનમાં પોતાના મનના ભાવ પણ દબાવી શકતો નથી, તેમજ ભવિષ્ય વિશેની શંકા-કુશંકા ને કાઢી શકતો નથી. શાંતનુએ ફરી પૂછ્યું તો ગુરુવાર આપ પણ અમારા સૌના ભૂત ભવિષ્ય અને વર્તમાન વિષે જ્ઞાત હશો! ગુરુદેવે કહ્યું કે જો હું આપ સૌનો ગુરુ હોઉ તો મને આ વાતની જાણ ૧૦૦% હોવી જોઈએ!! પરંતુ આપ સૌએ મને ગુરુ માન્યો છે, મેં હજી કોઈને શિષ્ય તરિકે સ્વીકાર્યા નથી. હું પોતે જ શિષ્ય છું, છતાં આપના ભાવને આદર અને વંદન કરું છું. આમ પણ આપ સૌ પોતાના સંસારથી થાકી-હારીને અહીં આવેલા છો, એટલે કે ભોગ હજી છૂટ્યો નથી. ઈશ્વરને પ્રાપ્ત કરવા કે ઈશ્વરનું અનુસંધાન કેળવવા માટે કોઈ ભીક્ષુક અહીં આવ્યો નથી, એટલું જરૂર કહી શકું. એમ કરીને ગુરુદેવ પોતાની કુટીયામાં ચાલ્યાં ગયાં.

મિત્રો ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ આવે છે, અને જે કોઈ સાધક કે શિષ્ય હોય, તેને પોતાના સદગુરુ થી વધારે મહત્વનું દુનિયામાં કોઈ હોતું નથી, તેનો અ ભાવ અપરંપાર હોય છે. પરંતુ આ દુનિયામાં આવા કેટલા એ આશ્રમ હશે, જ્યાં સાચા સદગુરુદેવની બદલે ઠગ સાધુઓનો અડિંગો હશે, અને એ ભલી ભોળી જનતાને ખોટા ચમત્કારો કરીને, છેતરતા હશે. તેની કાયમી આવક માટે આવા ભક્તોની ભીડ થવી બહુ જ જરૂરી હોવાથી, એ લોકો તંત્રવિદ્યા કે પછી હાથના જાદુ તરીકે જાણીતા કંઈક કરતબ કરી અને લોકોની ભાવના સાથે રમત રમતાં હોય છે. જ્યારે આ પ્રકારના સીધા અને સાત્વિક જ્ઞાની સદગુરુ ઓ શિષ્યને આવા ચમત્કારમાં ક્યારેય ઢસડતા નથી. પોતાની વાત તેઓ સંસ્કૃતિ સંમત થઈને પણ સરસ રીતે રજૂ કરતા હોય છે, જેથી કરીને આવા બ્રહ્મનાં ભ્રમમાં અટવાયા વગર સાધક સાચી નિષ્ઠાથી જીવે અને ઈશ્વરને પામી શકે.

ઘણી વખત આપણા જીવનમાં પરિસ્થિતિઓ સારી નથી હોતી પરંતુ તેનાથી આપણું આત્મ સન્માન ઓછું થતું નથી

# અભિમાન ના કરો, જીવનમાં ભાગ્ય બદલાતું રહે છે, અરીસો એનો એ જ રહે છે, ફક્ત ચિત્ર બદલાતું રહે છે...!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**હંમેશા ખુશ રહો તમારી પાસે જે કંઈ છે તે પૂરતું છે જેનું મન ખુશ છે તેની પાસે બધું જ છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો ભીષ્મે ભગવાનને વચનથી બાંધ્યા હતા. કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી, આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યાનથી દાદાજી, તમે બરાબર લડતા નથી**

ઘણીવાર આપણે આપણી સાચી કિંમતનો અંદાજ લગાવવામાં ભૂલો કરીએ છીએ.આપણી વર્તમાન પરિસ્થિતિને જોતા, આપણે પોતાને નકામા માનવા લાગીએ છીએ.પરંતુ આપણી પાસે હંમેશા અપાર શક્તિ હોય છે.આપણું જીવન હંમેશા શક્યતા ઓથી ભરેલું હોય છે. ઘણી વખત આપણા જીવનમાં પરિસ્થિતિઓ સારી નથી હોતી પરંતુ તેનાથી આપણું આત્મ સન્માન ઓછું થતું નથી. આપણે આ દુનિયામાં માણસ તરીકે જન્મ્યા છીએ, જેનો અર્થ છે કે આપણે ખૂબ જ ખાસ અને મહત્વપૂર્ણ છીએ. આપણે હંમેશા પોતાને સુધારતા રહેવું જોઈએ અને આપણું સાચું મૂલ્ય પ્રાપ્ત કરવા તરફ આગળ વધતા રહેવું જોઈએ!! હંમેશા ખુશ રહો તમારી પાસે જે કંઈ છે તે પૂરતું છે જેનું મન ખુશ છે તેની પાસે બધું જ છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભીષ્મે ભગવાનને વચનથી બાંધ્યા હતા. કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી, આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યાનથી દાદાજી,તમે બરાબર લડતા નથી. તમારે મને જ મારવો છે.આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા. આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું,ત્યારે તારી રાણીનેઆશીર્વાદ લેવા મોકલજે.હું અખંડ સૌભાગ્ય નું વરદાન આપીશ પછી તો હું તારું હિત ચાહું છું એની તને ખાતરી થશે ને!

શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ. તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે, દાદાજી તો ઘરના છે. આજે જ જવાની શું ઉતાવળ છે? આવતીકાલે દર્શન કરવા જજે ને ભાનમુતિ કહે, ભલે, તો કાલે ડોસાને ગમે ત્યારે મળાશે.

પછી શ્રીકૃષ્ણે વૌપદીને જગાડી, અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા.

ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી, હાથમાં દીવો વગેરે સ્વરૂપ વાળા ભગવાન દેખાય છે. આજે ભગવાન દ્રૌપદીના ખવાસ થઈને આવ્યા છે. દ્વારપાળે અટકાવ્યા. પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદી અંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપે છે, અખંડ સૌભાગ્યવતી ભવ!

દ્રૌપદી બોલી, દાદાજી, તમારો આશીર્વાદ સાચો પડશે જ. ભીષ્મ પૂછે છે કે, તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું.

ભીષ્મ કહે, મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં. પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમા લીધી છે, સાચા હૃદયથી નહીં. સાચા હૃદયથી તને આશીર્વાદ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે? હં, શ્રી કૃષ્ણનું જ આ કામ. ક્યાં છે એ!ભીષ્મ દોડતા બહાર આવ્યા. શ્રીકૃષ્ણને કહે,આજે તો હુંઆપનું ધ્યાન કરુંછું,પણ અંતકાળેતમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી. માટે અંતકાળે મારી લાજ રાખવા આવજો.તે વખતે મને લેવા આવજો! તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મપિતાને વચન આપેલું કે હું જરૂર આવીશ. તેમને આપેલું એ વચન સત્ય કરવા આજે દ્વારિકા નાથ પધાર્યા છે પ્રભુની રોજ પ્રાર્થના કરજો. મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે, પણ અંતકાળે દુઃખથી દેહનું સંધાન થાય છે તેથી પરમાત્માનું સ્મરણ કરવું કઠણ છે.ભીષ્મપિતા શ્રી કૃષ્ણની સ્તુતિ કરે છે,પ્રભુ ઊભા છોતેવા જ ઊભા રહેજો!શ્રી કૃષ્ણ વિચારે છે કે,મને બેસવાનું પણ નહીં કહે? પુંડલિકની સેવા મને યાદ આવે છે.તુકારામે પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો આપ્યો છે. મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા તેની તેંકદર ન કરી. મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે.રોજ પ્રાર્થના કરો કે, નાથ, મારું મરણ સુધારજો. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ કરો અને પ્રભુને રીઝવો.

શ્રીકૃષ્ણ કહે, દાદા,આ ધર્મરાજા ને થાય છે કે મેં બધાને માર્યા છે. મારે લીધે સર્વનાશ થયો! તેમને શાંતિ મળે તેવો ઉપદેશ આપ કરો

ભીષ્મપિતા કહે છે, ધર્મરાજાની શંકાનું સમાધાન પછી કરીશ. પહેલાં મારી એક શંકાનું સમાધાન કરો. મારા પ્રશ્નનો જવાબ આપો. મારું જીવન નિષ્પાપ છે, મારું મન પવિત્ર છે, મારું તન પવિત્ર છે મારી ઈન્દ્રિયો પવિત્ર છે, છતાં આજે મને આ સજા કેમ થાયછે? મારે બાણની શૈયા ઉપર સૂવું પડ્યું છે.મને અતિશય વેદના થાય છે. હું નિષ્પાપ છું છતાં મને આ સજા કેમ? કેમ સજા કરો છો?

ત્યારે ભગવાન કહે છે, દાદાજી, આપે પાપ કર્યું નથી તે વાત સાચી છે. તેથી તો હું આપને મળવા આવ્યો છું. પાપ કર્યું નથી, પણ આંખથી પાપ જોયું છે. આપે પાપ જોયું તેની સજા છે.

કોઈ પાપ કરે તે તમે જુઓ તો એ પણ પાપ છે.કોઈના પાપનો વિચાર કરો તો પણ પાપ છે. માટે કોઈનું પાપ જોશો નહીં કે સાંભળશો નહીં કે કહેશો નહીં.

ભીષ્મ કહે,એવું કયું પાપ મેં જોયું છે?

શ્રીકૃષ્ણ કહે,દાદાજી,તમે સભામાં બેઠા હતા.દુ:શાસન દ્રૌપદીને ત્યાં લઈ આવ્યોત્યારે તમે ત્યાં જહતા દુર્યોધન કહે, દ્રૌપદી દાસી બની છે તેને નવસ્ત્રી કરો.

તે વખતે દ્રૌપદીએ તમને કહેલું કે, પતિ હારી ગયા પછી પત્નીને પણ જુગારમાં લગાવવાનો પતિને અધિકાર નથી. દાદાજી મારોન્યાય કરો! હું જિતા કે અજિતા?તે વખતે તમે કહ્યું કે, દુર્યોધનનું અન્ન ખાવાથી મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે. મને કાંઈ સૂઝતું નથી. તમે જિતા કે અજિતાનો જવાબ દીધો નહીં. આવું પાપ સભામાં થાય અને તમે તે નિહાળો તે તમારા જેવા જ્ઞાનીને શોભે? દ્રૌપદીની લાજ લૂંટાતી ભરસભામાં તમે જોઈ છે. દ્રૌપદીને આશા હતી કે, તમારા જેવા સભામાં બિરાજે છે તો ચોક્કસ અન્યાય થતો અટકશે. પણ તમે અન્યાય અટકાવ્યો નહીં. એટલે દ્રૌપદીએ નિરાશ થઈને મને પુકાર કર્યો કે,હે- શ્રી કૃષ્ણ હે દ્વારિકાવાસી,હું કૌરવોથી ઘેરાઈ છું.શું તું એ નથી જાણતો?દ્રૌપદીનો પુકાર સાંભળી હું ત્યાં ગુપ્તરૂપે આવેલો હતો.હું બધું જોતો હતો. દુઃશાસન દ્રૌપદીની સાડીઓ ખેંચતો હતો,અને તમે તે જોતા હતા!સભામાં અન્યાય થતો તમે જોયો છે, તેની તમને આ સજા થાય છે.

ભીષ્મપિતાએ નમન કર્યું. ભીષ્મ પિતાએ તે પછી તેમણે ધર્મરાજો ઉપદેશ કરી સ્ત્રીધર્મ, આપદ્ધર્મ, રાજધર્મ,મોક્ષધર્મ વગેરે સમ જાવ્યા.પછીપરમધર્મબતાવ્યો યુધિષ્ઠિર પૂછે છે,સર્વ ધર્મોમાં કયા ધર્મને તમે પરમશ્રેષ્ઠ માનો છો?તથા કોના જપકરવાથી જીવ જન્મમરણરૂપ સંસારબંધન થી મુક્ત બને છે?

ભીષ્મપિતા કહે છે,પુરુષોત્તમના સહસ્ત્ર નામોનું નિરંતર સંકીર્તન કરવાથી પુરુષ સર્વ દુઃખોથી મુક્ત બને છે.

શિવમહિમ્ન અને વિષ્ણુસહસ્ત્રનો પાઠ રોજ કરો. શિવજીની સ્તુતિ કરવાથી જ્ઞાન મળે છે.જ્ઞાનથી ભક્તિ દૃઢ થાય છે.વિષ્ણુભગવાન ની સ્તુતિ કરવાથી પાપ ટળે છે. ભગવાન શંકરાચાર્યને વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ બહુપ્રિયહતો સૌથી પહેલું વિષ્ણુ સહસ્ત્ર નામ ઉપર તેમણે ભાષ્ય લખ્યું છે. તેમનો છેલ્લો ગ્રંથ છે બ્રહ્મસૂત્ર ઉપરનું શાંકર ભાષ્ય. તે પછી કલમ મૂકી દીધી છે. વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ રોજ બે વખત કરો.બાર વર્ષ આપ્રમાણે કરો તો જરૂર ફળ મળશે.એક વખત જમ્યા પહેલાં અને એક વખત રાત્રે સૂતાં પહેલાં. વિષ્ણુસહસ્ત્ર નામમાં દિવ્ય શક્તિ છે. કપાળે વિધાતો લખ્યા લેખ ભૂંસવાનીને બદલવાની શક્તિ વિષ્ણુસહસ્ત્ર નામમાં છે. ગરીબ માણસ વિષ્ણુયોગ ક્યાંથી કરી શકે? પરંતુ ગરીબ માણસ વિષ્ણુ સહસ્ત્ર નામના પંદર હજાર પાઠ કરે તો એક વિષ્ણુયોગ કરવાનું પુણ્ય તેને મળે છે.

ભોજનની જેમ ભજનમાં પણ નિયમ રાખવો જોઈએ. બાર વર્ષ નિયમપૂર્વક સત્કર્મ કરો.તે પછી અનુભવ થશે.ગમે તે હોય ભગવાનનું ભજન નિયમિત કરો. તે પછી ભીષ્મપિતા ભગવાનની સ્તુતિ કરે છે. દર્શન કરતાં ભીષ્મ પિતા કહે છે કે, પ્રભુ, હું તમને શું ભેટ અર્પણ કરું? હે નાથ, મારાં મન, બુદ્ધિ આજે તમારાં ચરણમાં અર્પણ કરું છું.

આ જીવ લુચ્ચો છે.કાંઈક મુશ્કેલી આવે ત્યારે રણછોડરાયનાં દર્શન કરવા જાય છે. રણછોડરાયજીને અગિયાર રૂપિયા ભેટમાં મૂકે છે અને કહે છે કે,મેં કોર્ટમાં મારા ભાઈ ઉપર દાવો કર્યો છે. મારું ધ્યાન રાખજો. વકીલને રૂપિયા ૩૦૦ આપે અને ઠાકોરજીને અગિયારમા પતાવે છે.અર્પણ કરવું જ હોય તો ભગવાનને મન,તમારી બુદ્ધિ અર્પણ કરો.

ભીષ્મસ્તુતિનો પાઠ કરતા એમ લાગે છે કે,ભક્તિ જ મરણ સુધારે છે. જ્ઞાન ઉપર ભરોસો રાખશો નહીં. કેટલીક વખત જ્ઞાન મરણ બગાડે છે. ભીષ્મપિતા જ્ઞાન ઉપર ભરોસો રાખતા નથી.

ભગવાનને શરણે આવ્યા છે. ભીષ્મપિતા કહે છે,હું આપને શરણે આવ્યો છું. એવું બોલતા નથી કે, હું બ્રહ્મરૂપ છું. કહે છે કે, હું તમારોછું.તમારા શરણે આવ્યો છું.ભગવાન સહેજ ઠપકો આપે છે કે, તમે તો અર્જુનને, મારા ભક્ત ને બાણ માર્યા છે તે કેમ ભૂલાય? ભીષ્મ કહે છે,તે વખતે મારું શરીર કૌરવ પક્ષમાં હતું. પણ મારું મન પાંડવ પક્ષમાં હતું. બાણ છોડતો ત્યારે પાંડવોનો જય થાઓ! એવું બોલીને હું બાણ છોડતો હતો.

શ્રીકૃષ્ણ કહે છે, જો એમ જ હતું જો તમારું મન પાંડવપક્ષમાં હતું, તો તન પણ ત્યાં કેમ ન રાખ્યું?

ત્યારે ભીષ્મ કહે છે કે,મેં વિચાર કર્યોકે હું જો પાંડવપક્ષમાં રહીશ, તો અર્જુનના રથ ઉપર વિરાજેલા પાર્થ સારથિનાં મનેદર્શન કેમથશે? એટલે તમારાં દર્શન કરવા માટે હું સામા પક્ષમાં જઈને ઊભો હતો. પાંડવપક્ષમાં રહીને લડું તો તમારાં સ્વરૂપનાં દર્શન મને બરાબર ન થાય.

કૌરવપક્ષમાં રહું, તો તમારી સામે ઊભા રહીને લડવું પડે એટલે તમારાં દર્શનનો પૂર્ણ લાભ મળે.

આમકહી ભીષ્મશ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે:જેમનું શરીર ત્રિભુવન સુંદર અને નીલાતમાલના જેવું નીલવર્ણ છે, જેના ઉપર સૂર્ય કિરણો સમાન શ્રેષ્ઠ પિતાંબર ફર ફરી રહ્યું છે અને મુખ ઉપર કમળ સમાન ગૂંચવાયેલી લટોલટકી રહી છે એવા અર્જુન સખા શ્રીકૃષ્ણમાં મારી નિષ્કપટ પ્રીતિ થાઓ!એવા પાર્થસારથીના મને રોજ દર્શન થાઓ!હે શ્રીકૃષ્ણ મારા ઈન્દ્રિયો રૂપી ઘોડા હું આપને સોંપું છું. શરીર રથ છે, ઈન્દ્રિયો ઘોડા છે મારી બુદ્ધિ અને મન આપને અર્પણ કરું છું.હવે શું રહ્યું મન અને બુદ્ધિ દેવાઈ ગયાં. ભગવાન એ જ માગે છે ને?ભગવાન વિચારવા લાગ્યા, ડોસો ચતુર છે, કેવું સરસ બોલે છે!

વાચક ચાહક મિત્રો,આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અક્ષય કુમાર અને સૈફ અલી ખાન પ્રિયદર્શનની હૈવાનમાં સાથે જોવા મળશે



**આ ફિલ્મનું કામ આવતા વર્ષે ઓગસ્ટ મહિનામાં શરૂ થશે, આ પહેલાં અક્ષય પ્રિયદર્શન સાથે ભૂતબંલામાં કામ કરી ચૂક્યો છે**

અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની થ્રિલર ફિલ્મની જાહેરાત થતાં જ સોશિયલ મીડિયા પર આ ખબર છવાઈ ગઈ છે. તેમની બંનેની લાંબા સમય પછી એકસાથે ફિલ્મ આવી રહી છે, ‘હૈવાન’. આ શબ્દનો અર્થ રાક્ષસ થાય છે, તેના પરથી જ આ ફિલ્મ એક ગંભીર, ઉગ્ર અને જકડી રાખે એવી ફિલ્મ, તેમજ થિએટરમાં જોવાનો એક અલગ અનુભવ પુરો પાડે એવી ફિલ્મ હોવાનો અંદાજ આવે છે. તેથી બોક્સ ઓફિસ પર પણ આ ફિલ્મ સારી ચાલશે એવી અપેક્ષા છે.સૈફ અને અક્ષય કુમાર ૧૭ વર્ષે સાથે આવવાના હોવાથી દર્શકો ઉત્સાહીત છે, આ પહેલાં તેમની બંનેની ફિલ્મ ‘ટશન’ ૨૦૦૮માં આવી હતી. બીજી મહત્વની વાત એ છે કે આ ફિલ્મ પ્રિયદર્શન ડિરેક્ટ કરશે, જેઓ ‘હેરા ફેરી ૩’ પણ ડિરેક્ટ કરી રહ્યા છે. આ એક એવી થ્રિલર ફિલ્મ હશે, જેમાં બંને કલાકારોની અલગ સ્ટાઈલ અને એનર્જી યોગ્ય ઉપયોગ થઈ શકશે.સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ફિલ્મનો વિષય અને શૈલીનો અંદાજ આવી શકે તે માટે ફિલ્મનું નામ કાળજીપૂર્વક નક્કી કરાયું છે. તેમણે આગળ જણાવ્યું, “ટીમને લાગ્યું કે આ નામથી તેમના વિષય અંગે બહુ સારી રીતે અંદાજ આવે છે અને એ પણ દર્શાવે છે કે પ્રિયદર્શન એમાં શું કરવા માગે છે. તેઓ એક એવી થ્રિલર ફિલ્મ બનાવવા માગે છે, જે દર્શકોને જકડી રાખશે. અન્ય શીર્ષક પર પણ ચર્ચા થઈ હતી, પરંતુ આ નામ સર્વાનુમતે નક્કી થયું હતું, જેમાં આ પાત્ર લીડ એક્ટર્સ દ્વારા જ કરાશે.”આ ફિલ્મનું કામ આવતા વર્ષે ઓગસ્ટ મહિનામાં શરૂ થશે, આ પહેલાં અક્ષય પ્રિયદર્શન સાથે ભૂતબંલામાં કામ કરી ચૂક્યો છે અને હેરા ફેરી ૩માં પણ કરશે. જો સૈફ અલી ખાનની વાત કરવામાં આવે તો તેણે તાજેતરમાં જ્વેલ થીફ – ધ હાઈસ્ટ બિગીન કરી છે. આમ બે જાણીતા કલાકારો અને ડિરેક્ટર સાથે આ ફિલ્મ કસપ્રદ હશે એવી આશા છે.






# ‘જુરાસિક વર્લ્ડ રિબર્થ’નો દબદબો, ભારતીય ફિલ્મમેકર્સની ચિંતા વધી

**ઘણા ઓસ્કાર અને અન્ય મહત્વપૂર્ણ પુરસ્કારો જીતનાર આ ફિલ્મ ફ્રેન્ચાઇઝના ઘણા ભાગો રિલીઝ થઈ ચૂક્યા છે**

‘જુરાસિક વર્લ્ડ રિબર્થ’ રિલીઝ થઈ ગઈ છે અને આ ભારતીય નિર્માતાઓ માટે ચિંતાનો વિષય બની શકે છે કારણ કે ફિલ્મે રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર અદ્ભુત પ્રદર્શન કર્યું છે. હોલીવુડ ફિલ્મે બધી ભારતીય ફિલ્મોને પાછળ છોડી દીધી છે.ભારતીય થિયેટરોમાં એક ફિલ્મ રિલીઝ થઈ છે જેની વાર્તા અને નામ છેલ્લા ૩૩ વર્ષથી લોકોના મનમાં કોતરાયેલું છે. આ શ્રેણીની પહેલી ફિલ્મ ‘જુરાસિક પાર્ક’ જૂન ૧૯૯૩ માં રિલીઝ થઈ હતી. ઘણા ઓસ્કાર અને અન્ય મહત્વપૂર્ણ પુરસ્કારો જીતનાર આ ફિલ્મ ફ્રેન્ચાઈઝના ઘણા ભાગો રિલીઝ થઈ ચૂક્યા છે.૩ વર્ષ પહેલા આવેલી ‘જુરાસિક વર્લ્ડ ડોમિનિયન’ પછી, હવે આખરે આ ફ્રેન્ચાઈઝની નવી ફિલ્મ ‘જુરાસિક વર્લ્ડ રિબર્થ’ રિલીઝ થઈ છે. આ ફિલ્મમાં માર્વેલ ફિલ્મોના સુપરહીરો બ્લેક વિડોની ભૂમિકા ભજવનારી સ્કારલેટ જોહાનસન છે. ભારતમાં આ ફિલ્મને લઈને ઘણી ચર્ચા છે કારણ કે લોકો આ ફ્રેન્ચાઈઝી માટે નોસ્ટાલ્જીયા ધરાવે છે. આ જ કારણ છે કે ફિલ્મના શરૂઆતના દિવસની આગાહી પણ ખૂબ જ અદ્ભુત છે.સુત્રોએ આગાહી કરી હતી કે આ ફિલ્મ પહેલા દિવસે ૮.૫૦-૯.૫૦ કરોડ રૂપિયા કમાઈ શકે છે અને ફિલ્મ આ અપેક્ષાઓ પર ખરી ઉતરી રહી છે. ફિલ્મોની કમાણીનો ટ્રેક રાખતી વેબસાઈટ અનુસાર, વિશાળ ડાયનાસોરની દુનિયા દર્શાવતી ફિલ્મે સવારે ૧૦:૩૫ વાગ્યા સુધી ૯ કરોડ રૂપિયા કમાઈ લીધા છે. આ આંકડા પ્રારંભિક છે. અંતિમ ડેટા રિલીઝ થયા પછી આ બદલાઈ શકે છે.ભારતીય સિનેમાઘરોમાં પહેલેથી જ ઉપલબ્ધ સિતારે ઝમીન પર, એફ૧, મા અને કન્નપ્પા જેવી કોઈપણ ફિલ્મનો આજે ‘જુરાસિક વર્લ્ડ રિબર્થ’ કરતા વધુ કલેક્શન નથી. આશ્ચર્યજનક વાત એ છે કે આજે રિલીઝ થયેલી ‘મેટ્રો ઈન દીનોન’ પણ તેના શરૂઆતના દિવસના કલેક્શનમાં આ ફિલ્મથી પાછળ છે.

### અગાઉ ‘ઘાટી’ને ૧૮ એપ્રિલે રિલીઝ કરવાની હતી

# અનુષ્કા શેટ્ટીની ‘ઘાટી’ બીજી વખત પોસ્ટપોન થઈ

બાહુબલિમાં દેવસેના તરીકે જાણતી બનેલી અનુષ્કા શેટ્ટીની આગામી એક્શન ફિલ્મ ‘ઘાટી’ને બીજી વખત પોસ્ટપોન કરવામાં આવી છે. અગાઉ આ ફિલ્મને ૧૧ જુલાઈએ રિલીઝ કરવાનું આયોજન હતું, પરંતુ પ્રોડક્શનને લગતું કેટલુંક કામ બાકી હોવાથી તેને અટકાવવામાં આવી છે. ફિલ્મના પ્રોડ્યુસર્સે વિલંબનું કારણ આપ્યું નથી અને નવી રિલીઝ ડેટ પણ જાહેર કરી નથી. પ્રોડક્શન હાઉસ યુવી ક્રીએશન્સ દ્વારા એક્સ પોસ્ટ પર જણાવાયું હતું કે, સિનેમા એ નદી જેવું જીવંત છે. તે સતત આગળ વધે છે અને ક્યારે ઊંડાઈ મેળવવા ધીમું પડે છે. ‘ઘાટી’ માત્ર એક ફિલ્મ નથી, તે પહાડોની ગૂંજ અને જંગલની ભીનાશ છે. સ્ટોરીને પથ્થર અને માટીથી કોતરવામાં આવી છે. દરેક ળેમ અને દરેક શ્વાસના સન્માનમાં ફિલ્મની ઊડાનને થોડો સમય રોકવામાં આવી છે. આનાથી ફિલ્મ વધારે



સારી અને અવિસ્મરણિય બનશે. અગાઉ ‘ઘાટી’ને ૧૮ એપ્રિલે રિલીઝ કરવાની હતી. બાદમાં તેને ૧૧ જુલાઈએ રિલીઝ કરવાનું આયોજન હતું. અનુષ્કા શેટ્ટી અને યુવી ક્રીએશન્સે અગાઉ ‘વેદામ’માં સાથે કામ કર્યુ હતું. આ તેમની બીજી ફિલ્મ છે. ફિલ્મના અગાઉના પોસ્ટરમાં તેને ‘વિક્ટિમ, ક્રિમિનલ અને લીજન્ડ’ તરીકે ઓળખાવવામાં આવી હતી. તાજેતરની ઝલકમાં પીડિત મહિલાને ક્રિમિનલ બનતી દર્શાવાઈ છે. અફીણના ગોરખધંધા પર વર્ચસ્વ ધરાવતી ખૂંખાર મહિલાનો રોલ અનુષ્કાએ કર્યો છે.

### એક્ટ્રેસે પોસ્ટ કરતાં ખળભળાટ

# માફ કરજો મિત્રો હું વિદાય લઈ રહી છું : અનિતા હસનંદાની



**ટીવી સિરીયલ યે હૈ મહોબ્બતેંમાં શગુનનો રોલ કરીને એક્ટ્રેસ અનિતા હસનંદાનીને નેમ અને ફેમ મળ્યા હતા**

અનિતા ટીવી ઈન્ડસ્ટ્રીની ખૂબ જ જાણીતું નામ છે, પણ તેણે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને ફેન્સને ચોંકાવી દીધા છે. અનિતાની લેટેસ્ટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં તે વિદાય લેવાની વાત કરી રહી છે. ચાલો તમને આ પોસ્ટ પાછળની આખી સ્ટોરી જણાવીએ-અનિતા હસનંદાનીએ પોતાની લેટેસ્ટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સોશિયલ મીડિયા પરથી વિદાય લેવાની વાત કહી છે. ટીવી સિરીયલ યે હૈ મહોબ્બતેંમાં શગુનનો રોલ કરીને એક્ટ્રેસને નેમ અને ફેમ મળ્યા હતા. એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે તે પરેશાન છે અને એટલે જ તે સોશિયલ મીડિયાથી દૂર જઈ રહી છે.જોકે, અનિતાએ પોતાના આ નિર્ણય પાછળનું કારણ તો નથી જણાવ્યું. પણ ઈન્સ્ટાગ્રામ પર તેણે પોસ્ટ કરતાં લખ્યું હતું કે માફ કરજો મિત્રો, વિદા લઈ રહી છુંપ લાંબા સમયથી અહીં ખૂબ જ ઘોંઘાટ હતો, પણ હવે પોતાની જાતને ફરી સાંભળવાનો સમય આવી ગયો છે. આ સિવાય એક્ટ્રેસે એક સ્ટોરી પણ પોસ્ટ કરી છે જેમાં તેણે ખૂબ જ ત્રાસી ગઈ હોવાનું જણાવ્યું હતું. એક્ટ્રેસે અચાનક કરેલી આ પોસ્ટને કારણે ફેન્સ પણ ચોંકી ઉઠ્યા છે અને તેઓ તેના પર કમેન્ટ કરી રહ્યા છે. કેટલાક લોકો તેને આખરે એવું તે શું થયું કે જેને કારણે તમે દુઃખી છો એવું પૂછી રહ્યા છે તો કેટલાક લોકો એવું કહી રહ્યા છે કે શું બધું ઠીકઠાક છે?અત્રે ઉલ્લેથનીય છે કે અનિતાની આ પોસ્ટ બરાબર એવા સમયે સામે આવી છે, જ્યારે એવા રિપોટ્ર્સ સામે આવી રહ્યા છે કે અનિતા કોઈ રિયાલિટી ટીવી શોમાં ભાગ લઈ રહી છે. એક્ટ્રેસ લાંબા સમય બાદ આ શોથી કમબેક કરી રહી હોવાનું કહેવાઈ રહ્યું છે. જોઈએ હવે આ રિપોટ્ર્સમાં કેટલી સચ્ચાઈ છે અને અનિતા કેટલા સમય સુધી પોતાની જાતને સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી દૂર રાખી શકે છે.

# મને પ્રેમ નહી, માત્ર ગીફ્ટ જોઇએ : અભિનેત્રી નીના ગુપ્તા

**વેબસીરીઝ ‘પંચાયત’ની ચોથી સીઝનમાં નીના પ્રધાન મંજુ દેવી તરીકે પણ જોવા મળી રહી છે**

પીઢ અભિનેત્રી નીના ગુપ્તા તેની સ્પષ્ટવક્તા શૈલી અને સ્પષ્ટ મંતવ્યો માટે જાણીતી છે અને પ્રેમ, સંબંધો અને ભૌતિકવાદ વિશેની તેની તાજેતરની ટિપ્પણી હંમેશા જેટલી જ બોલ્ડ છે. જ્યારે અભિનેત્રીએ કબૂલાત કરી કે તેણીને પ્રેમ કરતાં ભેટો વધુ ગમે છે.ઈન્ટરવ્યુમાં, નીના ગુપ્તાને પૂછવામાં આવ્યું કે શું તેણીને એવો જીવનસાથી જોઈએ છે જે આશ્ચર્યનું આયોજન ન કરે કે ભેટો ન આપે, પરંતુ ક્યારેક પ્રેમ વ્યક્ત કરે. તેની લાક્ષણિકતા પ્રામાણિકતા અને સમજદારી સાથે, નીનાએ કહ્યું, ‘મને પ્રેમ કરતાં ભેટો વધુ ગમે છે. પ્રેમનો અર્થ શું છે? બકવાસ. હું ખૂબ જ ભૌતિકવાદી છું.’નીનાએ કહ્યું, ‘એકવાર મારી મિત્રએ મને ખૂબ સારી વાત કહી. હું દલીલ કરી રહી હતી, ફરિયાદ કરી રહી હતી કે મારો પતિ આવું નથી કરતો અથવા તેનો પતિ એવું નથી કરતો. તેથી તેણીએ મને સમજાવ્યું, તમારે તમારા પતિને કહેવું જોઈએ કે પ્રેમમાં મિલકત, ઘરેણાં, કપડાં જેવી વસ્તુઓ પણ શામેલ છે. જો હું ફક્ત કહું કે ‘હું તને પ્રેમ કરું છું, હું તને ખૂબ પ્રેમ કરું છું’ અને બસ... તે પૂરતું નથી. તમારે પણ કંઈક કરવું પડશે. તમારે કંઈક આપવું પડશે. ઓછામાં ઓછું મારા જન્મદિવસ પર મને સાડી આપો.નીના હાલમાં ‘મેટ્રો ઈન દિનોન’ ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, અનુરાગ બાસુ અને તાની બાસુ દ્વારા નિર્મિત અને અનુરાગ બાસુ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં આદિત્ય રોય કપૂર, સારા અલી ખાન, ફાતિમા સના શેખ, અલી ફઝલ,



અનુપમ ખેર, પંકજ ત્રિપાઠી, કોંકણા સેન શર્મા અને નીના મુખ્ય ભૂમિકામાં છે. આ વાર્તા ચાર પ્રેમકથાઓ દર્શાવે છે. આ ફિલ્મ ૪ જુલાઈના રોજ રિલીઝ થઈ હતી. ‘પંચાયત’ની ચોથી સીઝનમાં નીના પ્રધાન મંજુ દેવી તરીકે પણ જોવા મળી રહી છે.

### નવી તસવીર જોઈને લોકો બોલી ઉઠ્યા વાહ!!

# હોલીવુડના સંગીતકાર હાન્સ ઝિમર બોલીવુડમાં કરશે ડેબ્યુ

સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ રામાયણ અત્યારેથી જ લોકોના દિલમાં રાજ કરવા લાગી છે, એક પછી એક ખૂબીઓ તેમાં ઉમેરાઈ રહી છે.એક વાત જે લોકોને વધુ આશ્ચર્યચકિત કરે છે તે છે તેનું પૃષ્ઠભૂમિ સંગીત. જે હોલીવુડના સંગીતકાર હાન્સ ઝિમર અને એઆર રહેમાન દ્વારા આપવામાં આવ્યું છે. સંગીત ખરેખર અદ્ભુત છે. ગતિથી શરૂ થતું સંગીત ધીમે ધીમે તમને એક જ ઝોનમાં લઈ જાય છે. અને પછી જ્યારે તમને લાગે છે કે તે સમાપ્ત થવાનું છે, ત્યારે રામ અને રાવણ પ્રવેશ કરે છે. જે તમને એક અદ્ભુત અનુભૂતિ કરાવે છે.આ ફર્સ્ટ લૂક વિડીયોએ ચાહકોની અપેક્ષાઓ આકાશને આંબી ગઈ છે. તે જ સમયે, પહેલીવાર હાન્સ ઝિમર બોલિવૂડ ફિલ્મ સાથે સીધા જોડાયેલા છે. આ પોતે જ ખૂબ જ પ્રશંસનીય બાબત છે. આવી સ્થિતિમાં, સોશિયલ મીડિયા પર પ્રશ્નોનો દોર ચાલી રહ્યો છે કે હંસ કોણ છે.હોલીવુડના ટોચના સંગીતકાર હાન્સ ઝિમર ૬૭ વર્ષના છે. તેમનો જન્મ ૧૨ સપ્ટેમ્બર ૧૯૫૭ ના રોજ જર્મનીના ફ્રેન્કફર્ટમાં થયો હતો. તેમના પરિવારે પણ બીજા વિશ્વયુદ્ધનું દુઃખ સહન કર્યું છે. હંસ અત્યાર સુધીમાં લગભગ ૧૫૦ ફિલ્મોમાં સંગીત આપી ચૂક્યા છે. પરંતુ તેમને ૨૦૧૧ માં રિલીઝ થયેલી ફિલ્મ ઈન્સેપ્શનથી ઓળખ મળી. આ ઉપરાંત, હંસ ધ લાયન, ગ્લેડીયેટર, બ્લેક હોક ડોન, મેડાગાસ્કર, શેરલોક હોમ્સ અને ડ્યુન જેવી પ્રતિષ્ઠિત ફિલ્મો માટે પણ સંગીત આપ્યું છે. તેમણે ૨ ઓસ્કાર એવોર્ડ જીત્યા છે.

# ‘કાલીધર લાપતા’ થઈ શકે છે, પરંતુ અભિષેક નહીંઃ અમિતાભ

**અભિનેતા અભિષેક બચ્ચનને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બે દાયકાથી વધુનો સમય થઈ ચુક્યો છે**

સુપરસ્ટાર અમિતાભ બચ્ચન પોતાના પુત્ર અભિષેક પર ખૂબ ગર્વ અનુભવે છે. હવે જયારે અભિષેકની ફિલ્મ ‘કાલીધર લાપતા’ના વખાણ થઈ રહ્યા છે તો એવામાં અમિતાભ પણ સોશિયલ મીડિયા દ્વારા તેમાં જોડાયા છે અને પુત્રના વખાણ કરી રહ્યા છે. બોલીવુડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘કાલીધર લાપ તા’ ઓટીટી પ્લેટફોર્મ પર આવી ચુકી છે.

ફિલ્મને ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મને જોવા માટે ફેન્સ ઉત્સુક હતા. હવે જ્યારે ફિલ્મ આવી ગઈ છે તો તેની ખૂબ પ્રશંસા થઈ રહી છે. ખુદ અમિતાભ બચ્ચન પણ પોતાના પુત્રના પરફોર્મન્સને જોઈને ખૂબ આનંદિત છે અને એ અભિષેકના જાહેરમાં વખાણ કરતા જોવા મળી રહ્યા છે. હવે સોશ્યલ મીડિયા પર બિગ બીએ જૂનિયર બી ના ભરપુર વખાણ કર્યા છે અને પ્રેમ વ્યક્ત કર્યો છે. અમિતાભ બચ્ચને ઈંસ્ટાગ્રામ



પર અભિષેકનો એક ફોટો શેયર કર્યો છે. અભિષેકનો આ સાઈડ ફોટો છે, જેમાં એ કેઝ્યુઅલ લુકમાં નજર પડી રહ્યો છે. અભિનેતા અભિષેક આ દરમિયાન ખૂબ ડિસન્ટ લુકમાં છે.

અભિષેકના ફોટની સાથે કેપ્શનમાં અમિતાભ બચ્ચને લખ્યું કે, ‘મારો ગર્વ અને મારો પ્રેમ, કેટલી સુંદર રીતે તમે તમારી ટર્મ્સ પર પ્રશંસા અને ઓળખ હાંસલ કરી રહ્યા છો. કાલીધર લાપતા હોઈ શકે છે, પરંતુ અભિષેક બચ્ચન અમારા હૃદયમાંથી ક્યારેય પણ લાપતા થઈ શકે નહીં.’અમિતાભની આ પોસ્ટ પર ચાહકોના રિએક્શન આવવાના પણ શરુ થઈ ગયા છે. એક વ્યક્તિએ તેના પર કોમેન્ટ કરીને એમ લખ્યું કે, આ તો અભિષેકની એવોર્ડ વિનિંગ ઓથેન્ટિક પરફોર્મન્સ છે. એક અન્ય યુઝરે લખ્યું કે, મેં હમણાં જ કાલીધર લાપતા ફિલ્મ જોઈ. હું આ શાનદાર ફિલ્મને જોઈને ખૂબ આશ્ચર્યચકિત છું. અભિષેક બચ્ચન અને ચાઈલ્ડ આર્ટિસ્ટે કેવી કમાલની એક્ટિંગ કરી છે. બીજા એક યુઝરે અમિતાભની પોસ્ટ પર કોમેન્ટ કરીને લખ્યું કે, અભિષેક બચ્ચન રોક્સ. અભિષેક ખરેખર સ્પેશ્યલ છે. ઉલ્લેખનીય છે કે, અભિનેતા અભિષેક બચ્ચનને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બે દાયકાથી વધુનો સમય થઈ ચુક્યો છે. આ દરમિયાન અભિષેકે નાની-મોટી કેટલીયે ફિલ્મોમાં અભિનય કર્યો છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી લીડ રોલમાં ગજબની એક્ટિંગ કરી રહ્યો છે. પછી એ – લૂડો હોય, દસવી કે ઘૂમર હોય, અભિષેકની એક્ટિંગ સૌને પસંદ આવી છે.

# ‘ક્યોંકી સાસ ભી કભી બહુ થી’ માં સ્મૃતિ ઈરાનીની વાપસી

**હું એક એવું ભવિષ્ય બનાવવામાં મદદ કરવા માંગુ છું, જ્યાં ઈન્ડિયન ક્રિયેટિવ ઈન્ડસ્ટ્રી મજબૂત બને**

છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર ‘ક્યોંકી સાસ ભી કભી બહુ થી’ સીરિયલ નવી સીઝન અંગે ચર્ચા ચાલી રહી હતી. ત્યારે હવે એવા સમાચાર સામે આવી રહ્યા છે કે, સ્મૃતિ ઈરાની ફરી એકવાર આ સીરિયલમાં જોવા મળશે. હવે તેમણે સીરિયલમાં અભિનય કરવા અંગે ઓફિશિયલ નિવેદન આપ્યું છે.સ્મૃતિ ઈરાનીએ એક સત્તાવાર નિવેદન આપતા કહ્યું કે, ‘કેટલીક યાત્રાઓ એક ગોળ સર્કલ જેવી હોય છે. આ જૂની યાદો માટે નથી, પરંતુ તેની પાછળ એક હેતુ હોય છે. ‘ક્યોંકી સાસ ભી કભી બહુ થી’ સીરિયલમાં પાછા ફરવાનું માત્ર એક રોલમાં પરત ફરવાનું નથી. આ એ સ્ટોરી તરફ પરત ફરવાનું જેણે ભારતીય ટેલિવિઝનની નવી પરિભાષા આપી છે, તેમજ મારા જીવનને એક નવો આકાર આપ્યો. તેનાથી મારા કરિયરમાં સફળતા આપવા કરતાં તેણે મને લાખો ઘરો સાથે જોડાવાની તક આપી છે.’સ્મૃતિ ઈરાની વધુમાં આગળ કહે છે, ’૨૫ વર્ષમાં મેં બે શક્તિશાળી પ્લેટફોર્મ, મીડિયા અને પબ્લિક પોલીસી પર કામ કર્યુ છે. આ બંને કામ માટે અલગ અલગ પ્રકારના સમર્પણની જરૂર પડે છે. આજે હું એવા તબક્કે ઉભી છું, ત્યાં અનુભવ ભાવનાઓ સાથે મળે છે અને રચનાત્મકતા, દૃઢ વિશ્વાસમાં જઈ મળે છે. હું માત્ર એક અભિનેત્રી તરીકે જ નહીં, પરંતુ એક એવી વ્યક્તિ તરીકે પાછી ફરી રહી છું, જે સંસ્કૃતિને જાળવી રાખે છે અને લોકોમાં સહાનુભૂતિ પેદા કરે છે. હું આ બાબતોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું.’સ્મૃતિ ઈરાનીએ તેમના ઓફિશિયલ નિવેદનમાં ‘ક્યોંકી સાસ ભી કભી બહુ થી’ સીરિયલ વિશે એક ખાસ વાત કહે છે. તે કહે છે, ‘હું નવી સીઝનમાં યોગદાન આપીને આ સીરિયલના




વારસાનું સન્માન કરવા માંગુ છું. હું એક એવું ભવિષ્ય બનાવવામાં મદદ કરવા માંગુ છું, જ્યાં ઈન્ડિયન ક્રિયેટિવ ઈન્ડસ્ટ્રી મજબૂત બને.





કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ પ્રેરકભાઈ શાહની ગરિમામય ઉપસ્થિતિમાં મણિનગર વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય અમૂલભાઈ ભટ્ટ અને મણિનગર વૉર્ડના યુવા કોર્પોરેટર કરણ ભટ્ટ દ્વારા મણિનગર શાળા નં. ૬ ના ૪૦૦થી વધુ વિદ્યાર્થી દીકરા, દીકરીઓને અભ્યાસમાં એમની રુચિ વધે અને સાક્ષર ગુજરાત નું સ્વપ્ન સિદ્ધ થાય તે માટે સ્કૂલ બેગનુ વિતરણ કરવામાં આવ્યું. જેમાં મણિનગર વિધાનસભા ના પ્રભારી જયેશભાઈ પટેલ, કોર્પોરેશનના દંડક અને મણિનગર કાઉન્સિલર શીતલબેન દાગા, સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન વિપુલભાઈ સેવક, કાઉન્સિલર ડો. ચંદ્રકાન્ત ચૌહાણ, સંગઠનની ટીમ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા.

### કેશગુંફન અને મહેંદી સ્પર્ધાનું આયોજનકરવામાંઆવ્યું

## ઝાલોદ બી. એમ. હાઈસ્કૂલમા ગૌરીવ્રત નિમિતે શાળામાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

આજરોજ ૦૮-૦૭-૨૦૨૫ મંગળવારના રોજ થી ગૌરીવ્રતનો પ્રારંભ થયેલ છે. આ વ્રત દીકરીઓ, મહિલાઓ તેમજ બહેનો દ્વારા કરવામાં આવે છે. તારીખ ૧૨-૦૮-૨૦૨૫ શનિવારના રોજ ગૌરીવ્રત સમાપ્ત થશે અને રવિવારે પારણા કરવામાં આવનાર છે.

તારીખ ૦૭/૦૭/૨૦૨૫ ના રોજ શ્રી.બી. એમ.હાઈસ્કૂલ ઝાલોદ માં ગૌરીવ્રતની ઉજવણી નિમિત્તે કેશગુંફન અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૫ છોકરીઓએ મહેંદી સ્પર્ધા અને ૨૬ છોકરીઓએ કેશ ગુમ્ફન સ્પર્ધામાં ભાગ લીધો હતો વિદ્યાર્થિનીઓએ વિશેષ આનંદ અને ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો શાળાના આચાર્ય શ્રીમતી યુક્તિબેન પંચાલ અને શિક્ષકોએ ભાગ લીધેલ વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન આપેલ હતું.આ પ્રસંગે શિક્ષકોમાં પણ ખૂબ ઉત્સાહ જોવાઈ રહ્યો હતો.



ગૌરીવ્રત નિમિતે બાલિકાઓનનો ઉત્સાહ વધારવા કરાયેલ વિવિધ સ્પર્ધાઓમા ૧૦ જેટલી મુસ્લિમ બાલિકાઓએ ભાગ લઈ હિન્દુ બાળકીઓને મહેંદી મૂકી હતી. જેમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી પટેલ શિફા સબીરઅહેમદ **12-A** તેમજ ડોકિલા શના મુનાફભાઈ **11-C** માંથી મુસ્લિમ બાલિકાઓ પ્રથમ અને દ્વિતીય આવેલ હતા. કુલ ૮૧ વિદ્યાર્થિનીઓએ અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

### છેલ્લા એક વર્ષ દરમિયાન ૧૮૫ જનજાગૃતિના કાર્યક્રમ કરવામાં આવ્યા

## જૂનાગઢ જિલ્લામાં સંકલ્પ-ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવર મેન્ટ ઓફ વિમેન હેઠળ થતી અસરકારક કામગીરી

। (માહિતી) જુનાગઢ, તા.૮ ।

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી કચેરી દ્વારા કાર્યરત સંકલ્પ ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન હેઠળ થતી અસરકારક કામગીરી થઈ રહી છે. છેલ્લા એક વર્ષ દરમિયાન ૧૮૫ જનજાગૃતિના કાર્યક્રમ કરવામાં આવ્યા છે. તેમજ જૂનાગઢ જિલ્લાની ૧૧૩ ગ્રામ પંચાયતોની મુલાકાત કરી છેવાડાના લાભાર્થીઓને યોજનાકીય લાભ મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન અને યોજનાઓના કુલ ૯૯૬ ફોર્મ ભરાવવામાં આવ્યા છે.

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સી.જી.સોજીત્રા અને દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ ચાલતા "સંકલ્પ" ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન દ્વારા મહિલાના સશક્તિકરણ અને સલામતી માટે કાર્યરત છે. સમાજમાં પ્રવર્તમાન વ્યાપક લિંગ આધારિત પુર્વગ્રહો અને ભેદભાવો



દુર કરવા, મહિલા કલ્યાણકારી યોજનાઓ, કાયદાઓ, કાર્યક્રમોની માહિતી છેવાડાની મહિલાઓ અને લોકો સુધી પહોંચે તે હેતુ સિદ્ધ કરવા "સંકલ્પ" ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના હાલ જૂનાગઢ ખાતે અમલી કરણમાં છે. જેમાં છેલ્લા એક વર્ષ દરમિયાન કુલ ૧૮૫ જાગૃતિકરણ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન ટીમ દ્વારા જૂનાગઢ જિલ્લાની ૧૧૩ ગ્રામ પંચાયતોની મુલાકાત કરી અને અન્ય યોજનાઓના કુલ ૯૯૬ ફોર્મ ભરાવ્યા હતા.

## બોટાદ જિલ્લામાં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) બોટાદ, તા.૮ ।

બોટાદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બી.એ. પટેલનાં માર્ગદર્શન અન્વયે બોટાદ જિલ્લાનાં ચારેય તાલુકાનાં ૨૫ ગામોમાં ત્રીજા તબક્કામાં રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાનાં ૨૫ ગામોમાં ગ્રામ પંચાયત ખાતે ગ્રામજનો અને શ્રમિકોને મનરેગા યોજના અને વિવિધ કામો વિશે વિશેષ માહિતીગાર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં જિલ્લા તથા તાલુકા કક્ષાનાં અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓએ ઉપસ્થિત રહીને ગ્રામજનોને વિવિધ યોજનાકીય માહિતી અને પર્યાવરણની જાળવણી કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. આ ઉપરાંત જોબકાર્ડ, ૧૦૦ દિવસની રોજગારી, વિવિધ કામોની શકયતાઓ, કામનું આયોજન જેવી બાબતો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રોજગાર દિવસ ઉજવણીમાં ગ્રામજનો દ્વારા વૃક્ષારોપણ અને સફાઈ કામગીરીને અગ્રતાક્રમ આપવામાં આવ્યો છે. ત્યારે આગામી સમય માટે જળ સંચયના કામો અને વૃક્ષારોપણ અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમો ગ્રામ પંચાયત પ્રમુખ/સરપંચની અધ્યક્ષતામાં યોજાયાં હતાં, જેમાં ગ્રામ્ય પંચાયત પ્રતિનિધિ તેમજ પંચાયત લેવલ ઓફિસ-તલાટી, ગ્રામ રોજગાર સેવક, મેટ અને શ્રમિકો વગેરેએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મનરેગા યોજનાના કામોની ચર્ચા તથા રજુ થયેલાં પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બી.એ. પટેલનાં માર્ગદશન હેઠળ નરેગા નાયબ જિલ્લા પ્રોગ્રામ કો ઓર્ડીનેટર ભરતસિંહ ગોહિલ અને તાલુકા નરેગા સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

## બાંધકામ શ્રમિકો માટે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં જોડાવવા માટે કેમ્પનું આયોજન કરાયું



। (માહિતી) દાહોદ, તા.૮ ।

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, દાહોદ દ્વારા ચાકલીયા કડીયાનાકા, દાહોદ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કચેરીના પ્રોજેક્ટ મેનેજર હરિશચંદ્ર એસ.ડામોર દ્વારા બાંધકામ શ્રમિકોને પેમ્પ્લેટ વિતરણ કરીને માહિતી આપવામાં આવી કે ૧૮ થી ૫૦ વર્ષના બાંધકામ શ્રમિકોને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ ૨ લાખનો વીમો મળવા પાત્ર થાય છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, દાહોદ દ્વારા ચાકલીયા કડીયાનાકા, દાહોદ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કચેરીના પ્રોજેક્ટ મેનેજર હરિશચંદ્ર એસ.ડામોર દ્વારા બાંધકામ શ્રમિકોને પેમ્પ્લેટ વિતરણ કરીને માહિતી આપવામાં આવી કે ૧૮ થી ૫૦ વર્ષના બાંધકામ શ્રમિકોને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ ૨ લાખનો વીમો મળવા પાત્ર થાય છે. આ યોજના હેઠળ બાંધકામ શ્રમિકનું બેંક ખાતુ હોવું ફરજીયાત છે. જે બેંકમાં ખાતું હોય તે બેંકમાં જઈને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં જોડાવવા માટેનું ફોર્મ ભરી જમા કરાવીને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં જોડાયાની ૪૩૬/- રૂપિયાની રશીદ મેળવી લેવા જણાવ્યું હતું. સાથે બોર્ડની વેબસાઈટ **https://sanman.gujarat.gov.in/** જઈને **PMJJBY** માં વીમામાં જોડાયાની રશીદ, આધાર કાર્ડ, બેંક પાસબુક અને પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરીને ઓનલાઈન અરજી કરવાથી વીમામાં જોડાયાની રકમ બાંધકામ શ્રમિકના ખાતામાં રીએમ્બર્સ કરવામાં આવશે. દર વર્ષે જૂન વીમા પોલીસી રિન્યુ કરવી ફરજીયાત છે અને દર વર્ષે વીમા રિન્યુ કર્યાની બેંક પાસબુકમાં એન્ટ્રી પડાવી બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાથી રિન્યુની રકમ પણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકના બેંક ખાતામાં રીએમ્બર્સ કરવામાં આવશે. આ નિમિતે વધુમાં વધુ બાંધકામ શ્રમિકો પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં જોડાય તેવો ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, દાહોદ કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ બાંધકામ શ્રમિકનું બેંક ખાતુ હોવું ફરજીયાત છે. જે બેંકમાં ખાતું હોય તે બેંકમાં જઈને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં જોડાવવા માટેનું ફોર્મ ભરી જમા કરાવીને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં જોડાયાની ૪૩૬/- રૂપિયાની રશીદ મેળવી લેવા જણાવ્યું હતું.

## COIS IBDP 2025 ની સફળતાની ઉજવણી કરાઇ




। અમદાવાદ, તા.૮ ।

કેલોર્ક્સ ઓલિવ ઈન્ટરનેશનલ સ્કૂલે તાજેતરમાં વિદ્યાર્થીઓનું સન્માન કરવા માટે એક સન્માન સમારોહનું આયોજન કર્યું હતું અને તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં **IBDP 2025** કોહોર્ટના અસાધારણ પ્રદર્શનને શિક્ષકો, વાલીઓ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં ગર્વથી ઉજવ્યો હતો. શાળા સમુદાયે તેના વિદ્યાર્થીઓ દ્વારા દર્શાવવામાં આવેલા સમર્પણ, સ્થિતિસ્થાપકતા અને શૈક્ષણિક શ્રેષ્ઠતાને બિરદાવી હતી.

**COIS** ના શાળાના વડા શ્રી અંકુર ઉપાધ્યાયે સ્નાતક જૂથ પર પોતાનો ગર્વ વ્યક્ત કર્યો: "**COIS** ખાતે, અમે દરેક વિદ્યાર્થીની અનન્ય ક્ષમતાને ઓળખવામાં અને તેને સંવર્ધન કરવામાં માનીએ છીએ. હું પ્રીતાંશ સહસાની, ટોપ સ્કોરર (૪૩/૪૫), શક્ય માલુ (૪૧/૪૫), મેધવી (૪૧/૪૫) અને ધીર (૪૧/૪૫) ને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન આપું છું. આ પરિણામો સંખ્યાઓ કરતાં વધુ છે - તે સખત મહેનત, કરુણા અને માર્ગદર્શિત પૂછપરછની શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. અમારા શીખનારાઓએ ખરેખર **IB** લર્નર પ્રોફાઈલને મૂર્તિમંત બનાવી છે, અને અમને તેમની વૃદ્ધિ અને સિદ્ધિઓ પર ગર્વ છે. અમે ખાસ કરીને ૪૩/૪૫ ના ટોચના સ્કોર માટે રોમાંચિત છીએ, જે વિદ્યાર્થી પ્રતિબદ્ધતા અને શિક્ષક માર્ગદર્શન વચ્ચેના તાલમેલને પ્રતિબિંબિત કરે છે. આ પ્રેરણાદાયી યાત્રાનો ભાગ રહેલા દરેક શીખનાર, માતાપિતા અને માર્ગદર્શકને અભિનંદન."

**COIS** ખાતે ૪૩/૪૫ નો સૌથી વધુ સ્કોર કઠોર શૈક્ષણિક વાતાવરણ, શીખનાર-કેન્દ્રિત અભિગમ અને મજબૂત માર્ગદર્શન સંસ્કૃતિનો પુરાવો છે.

**IBDP 2025** પરિણામોની ખાસ વાતોઃ

ટોચનો સ્કોરઃ ૪૩/૪૫

★ ૩ વિદ્યાર્થીઓએ પ્રભાવશાળી ૪૧/૪૫ સ્કોર કર્યા

★ ૧૦ વિષયોએ સંપૂર્ણ ૭/૭ મેળવ્યા

★ બાકીના બધા વિષયોએ ૬/૭ નો ટોચનો સ્કોર મેળવ્યો

આ સિદ્ધિઓ પૂછપરછ, આંતરરાષ્ટ્રીય માનસિકતા અને સ્વતંત્ર શિક્ષણના મુખ્ય **IB** મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે - જે કેન્દ્રિત **ATL** (શિક્ષણના અભિગમો) કૌશલ્ય વિકાસ અને વ્યક્તિગત શૈક્ષણિક સહાય દ્વારા સતત પોષાય છે.

## ઝાલોદ પાટીદાર સમાજ દ્વારા બસ સ્ટેશન ચોક પર સરદાર પટેલની પ્રતિમાનુ અનાવરણ જલ્દી કરવા માંગ કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરપાલિકા દ્વારા અંદાજીત સપ્ટેમ્બર ૨૦૨૪ મા બસ સ્ટેશન પર સરદાર પટેલની નવીન પ્રતિમા મુકવા માટેની કામગીરી કરવામાં આવી રહેલ હતી પરંતુ આ નવીન પ્રતિમાને આસરે ૯ મહિના ઉપરાંત થવા છતાંય નવી પ્રતિમા ન મુકવામાં આવતા પટેલ સમાજના આગેવાનો સહિત મોટા પ્રમાણમાં નગરપાલિકા પર આવી ચીફ ઓફિસરને મળી જલ્દી પ્રતિમા મુકવા માટે લેખિત માંગણી કરેલ હતી. આવનાર ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ પહેલા નવીન પ્રતિમા અહીંયા મુકાઈ જાય તે માટે પાટીદાર સમાજ દ્વારા માંગ કરવામાં આવી હતી. આ અંગે ઝાલોદ ચીફ ઓફિસર બી.ટી.ભાભોર



દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું હતું કે સરદાર પટેલની પ્રતિમા ટૂંક જ સમયમાં મૂકવામાં આવનાર છે પ્રતિમા મુકવા અંગેની તમામ કામગીરીને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે એટલે ટૂંક સમયમાં નવીન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા બસ સ્ટેશન વિસ્તારમાં જોવા મળનાર છે.

## આણંદ જિલ્લામાં ભારે વરસાદને કારણે ખરાબ થયેલ રસ્તાઓનું દુરસ્તી કામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાયું

। (માહિતી) આણંદ, તા.૮ ।

આણંદ જિલ્લામાં ગત દિવસો દરમિયાન થયેલ ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન રાજ્ય હસ્તકના રસ્તાઓ ઉપર ખાડા પડવાથી તેમાં વરસાદી પાણી ભરાઈ રહેવાના કારણે રસ્તાઓ ખરાબ થયેલા હતા. વરસાદના કારણે ખરાબ થયેલા રસ્તાઓના દુરસ્તી કામમાં રૂકાવટ આવતી હતી, પરંતુ વરસાદના વિરામની સાથે જ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આવા રસ્તાઓના મરામતની કામગીરી સત્વરે હાથ ધરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી હિતેશભાઈ ગઢવીના જણાવ્યા મુજબ આણંદ જિલ્લામાં થયેલ ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન રાજ્ય અને પંચાયત વિભાગ હસ્તકના વધુ નુકસાન પામેલ



રસ્તાઓની પ્રથમ તબક્કામાં મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે પૈકી માર્ગ મકાન રાજ્ય વિભાગ હસ્તકના આણંદ જિલ્લામાં આવેલ રસ્તાઓ ઉપર વરસાદના લીધે પાણી ભરાઈ રહેવાથી પડેલ ખાડાઓમાં વેટ મિક્સ અને કોક્રીટ મેટલ નાંખીને પેચવર્ક શરૂ કરવામાં આવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.



**કર્ક (ડ,હ) :**

આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

## ન્યુઝ બોક્ષ

### દેશમાં પહેલીવાર લોકો ખુદ ભરી શકશે વસ્તી ગણતરીનું ફોર્મ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતમાં આગામી વસ્તુ ગણતરીને લઈને સરકારે એક મોટી જાહેરાત કરવામાં આવી છે. દેશની પહેલી વસ્તી ગણતરી ડિજિટલી થશે. જેમાં દેશમાં પહેલીવાર લોકો વસ્તીગણતરીનું ફોર્મ ખુદ ભરી શકશે. આ માટે સરકારે એક ખાસ વેબ પોર્ટલ લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત, મોબાઈલ એપ્લિકેશનના માધ્યમ થકી પણ વસ્તી ગણતરીનું કામ પૂર્ણ કરવામાં આવશે. દેશમાં અત્યાર સુધીમાં વસ્તી ગણતરી માટે ઘરે-ઘરે જઈને સરકારી કર્મચારીઓ કાગળમાં જાણકારી એકઠી કરતા હતા. પરંતુ હવે સરકાર આ પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવા જઈ રહી છે. સરકારે કહ્યું છે કે, નાગરિકો ઈચ્છે તો ખુદ જ પોતાની જાણકારી વેબ પોર્ટલ પર નોંધણી કરાવી શકે છે. આ માટે બે તબક્કાવાર વસ્તી ગણતરી થશે. પહેલા તબક્કામાં 'ઘરની યાદી અને રહેઠાણ ગણતરી' થશે, એટલે કે ઘરો વિશેની માહિતી મેળવવાશે અને બીજા તબક્કામાં 'વસ્તી ગણતરી' થશે. જેમાં બંને તબક્કામાં લોકો પોતાની માહિતી જાતે નોંધાવી શકશે. વસ્તી ગણતરી ૨૦૨૬-૨૭માં બે તબક્કામાં થશે. જેમાં ૧ એપ્રિલ, ૨૦૨૬થી પહેલો તબક્કો શરૂ થશે.

### હરિયાણામાં ટ્રેનના ખાલી ડબ્બામાં મહિલા પર ગેંગરેપ

। (એજન્સી) પાણિપત, તા.૮ ।

હરિયાણાના પાણિપતમાં ઊભેલી ટ્રેનના ખાલી ડબ્બામાં ૩૫ વર્ષીય મહિલાની સાથે કથિત રીતે સામૂહિક બળાત્કાર થયો હોવાની ઘટના બની છે. પોલીસના કહેવા મુજબ, પીડિત મહિલાના પતિએ નોંધાવેલી ફરિયાદમાં એ ૨૪મી જૂનથી લાપતા છે. એ ઝઘડો થયો હોવાના કારણે લાપતા થઈ છે. આ મહિલા પહેલા પણ લાપતા થઈ ચુકી છે, પરંતુ એ સ્વયં પરત આવી ગઈ હતી. આ દરમિયાન, પીડિત મહિલાએ પોલીસને જણાવ્યું કે એ નજીકના રેલવે સ્ટેશનની પાસે બેઠી હતી, ત્યારે એક વ્યક્તિ તેની પાસે આવ્યો અને એ વ્યક્તિએ દાવો કર્યો હતો કે તેના પતિએ મોકલ્યો છે.પોલીસ સ્ટેશનના એસએચઓ શ્રી નિવાસે જણાવ્યું કે, મહિલાએ પોતાની સાથે બનેલી ઘટના વર્ણવીને એમ કહ્યું કે એ વ્યક્તિ પોતાની સાથે લઈ ગયો અને પછી ઊભેલી ટ્રેનના ખાલી ડબ્બામાં લઈ જઈને બળાત્કાર કર્યો હતો. પછી અન્ય બે વ્યક્તિ પણ આવી ગયા અને તેમણે પણ બળાત્કાર કર્યો હતો. પછી આરોપીઓ મહિલાને સોનીપત લઈ જઈને રેલવેના પાટા પર ફેંકી દીધી અને ટ્રેન ઉપરથી પસાર થવાને લીધે પીડિત મહિલાનો પગ કપાઈ ગયો. પોલીસ અધિકારી શ્રી નિવાસે જણાવ્યું કે, પીડિતાની સારવાર ચાલી રહી છે. આ મામલામાં સામૂહિક બળાત્કાર માટે ઝીરો એફઆઈઆર નોંધવામાં આવી છે અને આગળની કાર્યવાહી માટે પાણિપત ગવર્નમેન્ટ રેલવે પોલીસ(જીઆરપી)ને મોકલી દીધી છે.

### નાગપુરમાં પત્નીએ પ્રેમી સાથે મળીને બીમાર પતિનું ગળું દબાવીને હત્યા કરી

। (એજન્સી) નાગપુર, તા.૮ ।

મહારાષ્ટ્રના નાગપુરમાં પત્નીએ પ્રેમી સાથે મળીને પોતાના બીમાર પતિની હત્યા કરી દીધી છે. આ હત્યાને પત્નીએ કુદરતી મોત દેખાડવાની કોશિશ કરી, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યાના રહસ્યનો ભેદ ખુલી ગયો હતો. પોલીસે કરેલી પૂછપરછમાં મહિલાએ ગુનાની કબૂલાત કરી છે. મહિલાએ પ્રેમીની સાથે મળીને પતિના મોં ને ઓશિકાથી દબાવી દીધું હતું, જેના કારણે મોત થયું હતું. પ્રાથમિક માહિતી મુજબ, ૩૮ વર્ષીય ચંદ્રસેન રામટેકે અને ૩૦ વર્ષની પત્ની દિશા રામટેકેના લગભગ ૧૩ વર્ષ પહેલા લગ્ન થયા હતા. તેમને બે દિકરી અને છ વર્ષનો પુત્ર છે. પતિ બીમાર રહેતો હતો અને લગભગ બે વર્ષ પહેલા ચંદ્રસેનને લકવો થઈ ગયો હતો. ત્યાર પછી એ ઘરે જ રહેતો હતો. જ્યારે દિશા ઘરખર્ચ ચલાવવા માટે પાણીના બાટલા બેચતી હતી. કેટલાક મહિના પહેલા બાઈક રિપેરિંગ કરનાર અને પંક્ચર કરનાર આસિફ ઈસ્લામ અંસારી ઉર્ફ રાજાબાબુ ટાયરવાલા સાથે પરિચય થયો અને પતિ બીમાર રહેતો હોવાના કારણે દિશા આસિફના પ્રેમમાં પડી ગઈ. જોકે, ચંદ્રસેનને દિશા અને આસિફના પ્રેમસંબંધની ખબર પડી ગઈ, ત્યાર પછી પતિ-પત્નીની વચ્ચે વિવાદ શરુ થયો હતો.આ તકરાર પછી દિશાએ પતિ ચંદ્રસેનને કાયમી ધોરણે માર્ગમાંથી હટાવવાનુ નક્કી કર્યુ.



નવી દિલ્હીમાં યુએઈ નૌકાદળના કમાન્ડર મેજર જનરલ સ્ટાફ હુમૈદ મોહમ્મદ અબ્દુલ્લા AL રુમૈથી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફે જનરલ અનિલ ચૌહાણ સાથે મુલાકાત કરી.

### ચીન તિબેટને શિઝાંગ પ્રાંત તરીકે ઓળખાવે છે

# પીએમ મોદીએ દલાઈ લામાને શુભેચ્છા પાઠવતા ચીન ઘૂંધવાયું

। (એજન્સી) બેઈજિંગ, તા.૮ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામાને રવિવારે તેમના ૯૦માં જન્મદિન પર શુભેચ્છા પાઠવી હતી. આ મામલે ચીનના પેટમાં ફરી તેલ રેડાયું છે અને સપ્તાહમાં બીજી વખત ભારત સામે વિરોધ નોંધાવ્યો છે. દલાઈ લામાના જન્મદિવસની ઉજવણીના પ્રસંગે ભારતીય અધિકારીઓએ આપેલી હાજરી બાબતે પણ ચીને નારાજગી વ્યક્ત કરતા ભારતને તિબેટ સંલગ્ન મુદ્દાઓમાં બેઈજિંગની સંવેદનશિલતાની કદર કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. ચીનના વિદેશ મંત્રાલયની પ્રવક્તા માઓ નિંગે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું કે, તિબેટ સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચીન સરકારની સ્થિતિ સ્પષ્ટ છે. ઉલ્લેખનીય છે કે રવિવારે દલાઈ લામાના જન્મદિવસના કાર્યક્રમમાં ભારતના સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ સહિત કેટલાક અધિકારીઓએ હાજરી આપી હતી. ચીન તિબેટને શિઝાંગ પ્રાંત તરીકે ઓળખાવે છે. માઓએ વધુમાં કહ્યું કે, ૧૪માં દલાઈ લામાને રાજકીય દેશવટો અપાયો છે અને તેઓ ઘણા સમયથી અલગતાવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલા છે અને ધર્મની આડમાં શિઝાંગને ચીનથી અલગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતે આ મુદ્દે ચીન પ્રત્યે પ્રતિબદ્ધતાનું સન્માન કરવું જોઈએ. ચીને ભારત સામે દલાઈ લામાના જન્મદિવસ પર પીએમ મોદીએ આપેલી શુભેચ્છા તથા મંત્રીઓની હાજરીનો વિરોધ નોંધાવ્યો હતો. બ્રિક્સ સંમેલનમાં હાજરી આપવા બ્રાઝિલ પહોંચેલા ભારતના પીએમ મોદીએ રવિવારે દલાઈ લામાને જન્મદિવસની શુભેચ્છા આપતા એક્સ પર જણાવ્યું કે, તેઓ પ્રેમ, કરુણા, ધૈર્ય અને નૈતિક અનુશાસનના સ્થાયી પ્રતિક છે. તેમના ઉપદેશે તમામ ધર્મોમાં આદર અને પ્રશંસાને પ્રેરિત કર્યા છે. અમે તેમના દિર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરીએ છીએ. હિમાચલ પ્રદેશના ધરમશાલા ખાતે દલાઈ લામાના ૯૦મા જન્મદિવસના કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી રિજિજૂ અને રાજીવ રંજન સિંઘ, અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ તથા સિક્કિમના મંત્રી સોનમ લામા હાજર હતા.ગત શુક્રવારે ચીને લઘુમતિ બાબતોના મંત્રાલયની વધારાની જવાબદારી ધરાવતા રિજિજુના નિવેદન સામે વાંધો વ્યક્ત કર્યો હતો જેમાં તેમણે જણાવ્યું કે, દલાઈ લામાના અવતારે તેમની ઈચ્છાઓને અનુસરવું જોઈએ અને ભારતે તિબેટ સંલગ્ન મુદ્દાઓ પર સાવચેતીપૂર્વક કામ કરવું જોઈએ જેથી દ્વિપક્ષીય સંબંધોમાં જોવા મળતો સુધારો પ્રભાવિત ના થાય.અગાઉ રિજિજુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઉત્તરાધિકારીની પસંદગીનો અધિકાર દલાઈ લામા તથા તેમના દ્વારા સ્થાપિત તિબેટિયન બૌદ્ધ ટ્રસ્ટના નેતાઓને છે.

### મધ્યરાત્રિ પછી બનેલી ઘટનામાં ૧૦ ઘાયલ

# USમાં શૂટઆઉટ: ફિલાડેલ્ફિયામાં ગોળીબારમાં ત્રણ લોકોનાં મોત થયા

### ફાયરિંગની ઘટના ગ્રેજ ફેરીમાં એક રહેણાંક વિસ્તારના રોડ પર રાત્રે એક કલાકની આસપાસ બની હતી

। (એજન્સી) ફિલાડેલ્ફિયા, તા.૮ ।

અમેરિકામાં ગન કલ્ચરનું દુષણ દિવસેને દિવસે અત્યંત વકરી રહ્યું છે. અનિયંત્રત ગન કલ્ચરને કારણે અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડે છે. અમેરિકાના દક્ષિણ ફિલાડેલ્ફિયાના એક વિસ્તારમાં રવિવારની મધ્યરાત્રિ પછી ફાયરિંગની ઘટના બની હતી, જેમાં ત્રણ લોકોના મોત થયા છે અને અન્ય ૧૦ લોકો ઘાયલ થયા છે.



પોલીસ કમિશનર કેવિન બેથેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ત્રણેય મૃતક વ્યસ્ક હતા અને ઘાયલોમાં બે કિશોર પણ છે. ફાયરિંગની ઘટના ગ્રેજ ફેરીમાં એક રહેણાંક વિસ્તારના રોડ પર રાત્રે એક કલાકની આસપાસ બની હતી. પોલીસ કમિશનરે વધુમાં કહ્યું કે, અમારી પાસેના બ્લોક પર કેટલાક રાઉન્ડ ફાયરિંગ થયું છે. આ મામલામાં હથિયારની સાથે એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. પોલીસે મોડીરાત્રિથી લઈને રવિવારની સવાર સુધી એ બ્લોક પર કાર્યવાહી કરી હતી અને કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જોકે, આરોપીએ ફાયરિંગ કેમ કર્યું તે અંગેનું કારણ જાણવા મળ્યું નથી. પોલીસ કમિશનર બેથલે કહ્યું કે, આ કાયરતાપૂર્ણ, ગુંડા બનવાની ઈચ્છા માટેનું કામ છે. ઉલ્લેખનીય છે કે, ચોથી જુલાઈના વીકએન્ડમાં અમેરિકામાં કેટલાક અન્ય સ્થળો પર પણ ફાયરિંગની ઘટન બની હતી. એમાં દક્ષિણ ફિલાડેલ્ફિયા નાઈટ ક્લબમાં બનેલી ઘટનામાં ઓછામાં ઓછા આઠ લોકોના મોત થયા હતા.



ઉત્તરાખંડના ચમોલીમાં વાદળ ફાટવાથી અસરગ્રસ્ત વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ.

# કેદારનાથ યાત્રા રોકાઈ, ભારે વરસાદને કારણે લેવાયો નિર્ણય

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૮ ।

કેદારનાથ યાત્રા સંબંધિત મોટા સમાચાર સામે આવ્યા છે. ભારે વરસાદને કારણે કેદારનાથ યાત્રા રોકી દેવામાં આવી છે. સોનપ્રયાગ અને ગૌરીકુંડમાં યાત્રાળુઓને રોકવામાં આવ્યા છે. હવામાન વિભાગે આજે રુદ્રપ્રયાગ અને ચમોલી જિલ્લામાં વરસાદની ચેતવણી જારી કરી છે.

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અલકનંદા નદીમાં પાણીનું સ્તર વધ્યું છે. જોકે, નદી હજુ પણ ખતરાના નિશાનથી નીચે વહી રહી છે.

વાસ્તવમાં, ઉત્તરાખંડમાં આ દિવસોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આ કારણે ભૂસ્ખલનની ઘટનાઓ પણ સામે આવી રહી છે. તાજેતરમાં, ભારે વરસાદને કારણે સોનપ્રયાગમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં કેદારનાથથી પરત ફરી રહેલા ૪૦ થી વધુ શ્રદ્ધાળુઓ ફસાયા હતા. જોકે, બાદમાં રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ દ્વારા સોનપ્રયાગ ભૂસ્ખલન વિસ્તાર નજીક ફસાયેલા ૪૦ શ્રદ્ધાળુઓને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા હતા. ઉત્તરાખંડમાં સતત વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં વીજળી પુરવઠો ખોરવાઈ ગયો છે.

### ભારતમાં યોજનાર બ્રિક્સમાં 'માનવતા પ્રથમ'નો અભિગમ

# દુર્લભ ખનિજોનો હથિયાર તરીકે ઉપયોગ થાય નહીં તે જોવું જરૂરી: પીએમ મોદી

। (એજન્સી) રિયો ડી જાનેરો, તા.૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિક્સ રાષ્ટ્રોને વૈશ્વિક સહકાર અને બહુપક્ષીય વિશ્વના પ્રેરકબળ તરીકે કાર્ય કરવા તથા ગ્લોબલ સાઉથની અપેક્ષાઓને પૂર્ણ કરવાની દિશામાં કાર્ય કરવાની હાકલ કરી હતી. ચીન દ્વારા દુર્લભ ખનિજોની નિકાસ પર મુકેલાં નિયંત્રણોનો ઉલ્લેખ કર્યા વિના તેમણે જણાવ્યું હતું કે, બ્રિક્સ દેશોએ દુર્લભ ખનીજો અને ટેક્નોલોજીની સપ્લાય ચેઈનને સુરક્ષિત બનાવવા સહયોગ સાધીને કામ કરવું જોઈએ અને એ સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ દેશ તેનો અંગત સ્વાર્થ માટે કે અન્ય વિરુદ્ધ હથિયાર તરીકે ઉપયોગ ના કરે. મોદીએ જણાવ્યું હતું કે, આ જૂથની તાકાત વૈવિધ્યતા અને મલ્ટિપોલારિટી અંગેની પ્રતિબદ્ધતામાં રહેલી છે.બ્રિક્સ દેશો દ્વારા વૈશ્વિક સંચાલન અને વિકાસ સહયોગમાં સ્થાપિત કરાઈ રહેલાં નવા માપદંડો પર ભાર મુકતાં તેમણે જણાવ્યું હતું કે, ગ્લોબલ સાઉથ આપણી પાસે ઘણી અપેક્ષા રાખી રહ્યું છે. તેને પૂર્ણ કરવા માટે આપણે ઉદાહરણરૂપ કામગીરી કરવી



પડશે. આ સહિયારા હેતુને પૂર્ણ કરવા માટે ભારત તમામ સભ્ય દેશો સાથે ખભેખભો મિલાવીને કામ કરવા તત્પર છે.

ભારત આવતા વર્ષે એઆઈ ઈમ્પેક્ટ સમિટનું આયોજન કરશે તેવી જાહેરાત કરતાં મોદીએ જણાવ્યું હતું કે, અમારું માનવું છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સંચાલનમાં ચિંતાઓ દૂર કરવાને અને સંશોધનને પ્રોત્સાહનને પણ સમાન મહત્વ અપાવવું જોઈએ. આવતા વર્ષે ભારતની અધ્યક્ષતામાં યોજાનારી બ્રિક્સ સમિટમાં માનવતા પ્રથમનો અભિગમ અપનાવાશે. બ્રિક્સ સમિટને સંબોધતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારત બ્રિક્સને નવા સ્વરૂપમાં રજૂ કરશે. ભારત માટે હવામાન એ એક વિકલ્પ નહીં પરંતુ નૈતિક ફરજ છે. ક્લાઈમેટને લગતી મહત્વકાંક્ષાઓ અને ધિરાણ વચ્ચેનો તફાવત દૂર કરવો એ વિકસિત દેશોની વિશેષ જવાબદારી છે.

### ભાષા વિવાદ વચ્ચે પ્રથમ મોટી પ્રતિક્રિયા

# ભારતની તમામ ભાષાઓ રાષ્ટ્રીય ભાષા છે : RSS

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના પ્રાંતીય પ્રચારકોની ૩ દિવસીય વાર્ષિક બેઠક રવિવાર (૬ જુલાઈ) ના રોજ પૂર્ણ થઈ હતી. બેઠકમાં સંઘના શતાબ્દી વર્ષ માટેની સંગઠનાત્મક બાબતો અને યોજનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સંગઠને દેશ સામેના વિવિધ આંતરિક સુરક્ષા પડકારોની સાથે ભાષા વિવાદ પર પણ ચર્ચા કરી હતી. સંઘ હંમેશા માનતો રહ્યો છે કે ભારતની તમામ ભાષાઓ રાષ્ટ્રીય ભાષાઓ છે અને બધા લોકો પહેલાંથી જ પોતાની ભાષામાં શિક્ષણ મેળવે છે. RSS પ્રવક્તા સુનીલ આંબેકરે સોમવારે (૭ જુલાઈ) એક પ્રેસ કોન્ફરન્સ યોજી ભાષા વિવાદ મુદ્દે જણાવ્યું હતું કે, આરએસસે હંમેશાથી ભારતની તમામ ભાષાઓને રાષ્ટ્રીય ભાષા માને છે. તેમજ પ્રાથમિક શિક્ષણ પોતાની પ્રાદેશિક ભાષામાં લેવા સમર્થન આપે છે. આરએસએસ માતૃભાષા બોલવા પ્રાધાન્ય આપે છે. પરંતુ તે એક જ ભાષાને રાષ્ટ્રીય ભાષા તરીકે અપનાવવા સમર્થન આપતુ નથી. તમામ ભાષાઓને માન આપે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
દક્ષિણ પશ્ચિમ ઝોન-ઈજનેરખાતુ
ટેન્ડર નોટીસ નં : ૦૬/૨૦૨૫/-૨૬

દક્ષિણ પશ્ચિમ ઝોનના હસ્તકના રોડ, બિલ્ડીંગ, ડ્રેનેજ / સ્ટ્રોમ લાઈન તથા અન્ય કામોની જાહેરાત.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી | તારીખ :-૩૦/૦૭/૨૦૨૫ સમય ૧૮:૦૦ કલાક |
| ટેન્ડર ડઓક્યુમેન્ટ, ટેન્ડર ફી, ઈ.એમ.ડી.અને અન્ય પુરાવા જમા કરવાની છેલ્લી | તારીખ :- ૩૧/૦૭/૨૦૨૫ સમય ૧૬:૦૦ કલાક |
| ટેન્ડર ખોલવાની | તારીખ :- ૩૧/૦૭/૨૦૨૫ સમય ૧૭:૦૦ કલાક |

ટેન્ડરોની વિગત તથા ટેન્ડર ભરવા માટેની વેબસાઈટ :- www.tender.nprocure.com, www.amc.nprocure.com

ડે.મ્યુનિ.કમિશ્નર (દશ્રિણ પશ્ચિમ ઝોન)

પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

પાર્સલ લીઝિંગ કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી માટે આમંત્રણ કરવાની સૂચના

અમદાવાદ મંડળના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરનું કાર્યાલય-પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદ - ૩૮૨૩૪૫; Letter No. WR-ADI0COMM (9LPP)/3/૨૦૨૨ Date: ૦૮.૦૭.૨૦૨૫; અમદાવાદ મંડળ પર થી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવા માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI-14-25 | પાર્સલ | પાર્સલ-SLR | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા. ૨૧-૦૭-૨૦૨૫ ના ૧૦:૦૦ કલાકે શરૂ થશે. |
| Lease-ADI-15-25 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ-પાર્સલ વાન | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા. ૨૨-૦૭-૨૦૨૫ ના ૧૦:૦૦ કલાકે શરૂ થશે. |

નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ-વાઇઝ વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. અનુગામી લોટ ક્લોઝિંગ અંતરાલ 10 મિનિટ છે. લોટ-વાઇઝ ક્લોઝિંગ સમય IREPS ના ઇ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

ADI - 099

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly





ગૌરી વ્રત નિમિત્તે કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ અને અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં મણિનગર વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય અમૂલભાઈ ભટ્ટ અને મણિનગર વૉર્ડના યુવા કોર્પોરેટર કરણ ભટ્ટ દ્વારા ગૌરી પાર્વતી વ્રત કરતી વાલ્મિકી સમાજની દિકરીઓનું પૂજન અને સાથે પોષ્ટીક આહાર, ડ્રાયફ્રુટ, ફ્રૂટ અને અભ્યાસ માટે ચોપડાનુ વિતરણ ભૈરવનાથ હેલ્થ ક્વાર્ટર ખાતે કરવામાં આવ્યું. જેમાં કોર્પોરેશનના દંડક અને મણિનગર કાઉન્સિલર શીતલબેન દાગા, કાઉન્સિલર ડો. ચંદ્રકાન્ત ચૌહાણ સંગઠનની ટીમ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા.

## વડોદરા કોર્પોરેશનમાં ચાર ફૂડ સેફટી ઓફિસરોની અજમાયશી ધોરણે નિમણૂક

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગની ખોરાક શાખામાં ચાર ફૂડ સેફટી ઓફિસરોની ત્રણ વર્ષ માટે ફિક્સ પગારથી અજમાયશી ધોરણે નિમણૂક કરવામાં આવી છે. વડોદરા કોર્પોરેશનમાં હાલ આઠ ફૂડ સેફટી ઓફિસરો છે. જોકે કોર્પોરેશનમાં ૧૫ ફૂડ સેફટી ઓફિસરોનું મહેકમ મંજૂર થયેલું છે. જેમાંથી અત્યાર સુધી માત્ર ૮ જ હતા. હવે આ ચારની નિમણૂક થતા ફૂડ સેફટી ઓફિસરોની સંખ્યા વધીને ૧૨ થશે. મહેકમ મુજબ હજુ ત્રણ ફૂડ સેફટી ઓફિસરોની ઘટ રહેશે. સામાન્ય રીતે દર એક વહીવટી વોર્ડ દીઠ એક ફૂડ સેફ્ટી ઓફિસર હોવો જોઈએ. વડોદરા કોર્પોરેશનમાં ૧૯ વહીવટી વોર્ડ છે, એ દ્રષ્ટિએ વડોદરામાં ફૂડ સેફટી ઓફિસરોની ઘટ તો રહેશે જ. આ ચારની નિયુક્તિ પછી પણ નવી સાત નિમણૂકો કરવી પડશે.

### કચ્છ-પાટણ-સુરેન્દ્રનગર પર ફોકસ

# ગુજ.-રાજસ્થાનના રૂ. ૩૬ હજાર કરોડના કામો ફાસ્ટ ટ્રેક કરવા દિલ્હીમાં બેઠક

### આ પ્રોજેક્ટમાં સોલાર એનર્જી ઝોન સ્થાપિત કરવા, રિલાયન્સ જિઓના ટેલિકોમ્યુનિકેશન નેટવર્કનું વિસ્તરણ જેવી કામગીરી સામેલ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાત અને રાજસ્થાનમાં રૂ. ૩૬૨૯૬ કરોડના પેન્ડિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું ફાસ્ટ ટ્રેકમાં કામ શરૂ કરવા માટે દિલ્હીમાં બેઠક યોજાઈ હતી. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે નડી રહેલા ૨૪થી વધુ પડકારોને દૂર કરવા પગલાં લેવા નિર્દેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે આ પ્રોજેક્ટને અસર કરતાં મુખ્ય મુદ્દાઓની સમીક્ષા કરવા ગત સપ્તાહે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રૂપ મિકેનિઝમ દ્વારા અવરોધો દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટમાં સોલાર એનર્જી ઝોન સ્થાપિત કરવા, રિલાયન્સ જિઓના ટેલિકોમ્યુનિકેશન નેટવર્કનું વિસ્તરણ જેવી કામગીરી સામેલ છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ પ્રિન્સિપાલ ઈકોનોમિક એડવાઈઝર પ્રવીણ મહતોએ જણાવ્યું હતું કે, ગુજરાત અને રાજસ્થાનમાં કુલ રૂ. ૩૬૨૯૬ કરોડના ૧૮ પ્રોજેક્ટમાં ૨૨ સમસ્યાઓ નડી રહી છે. જેના પર ચર્ચા કરવામાં આવી હતી. આ સમસ્યાઓને દૂર કરવા માટે અધિકારીઓને પ્રોએક્ટિવ એપ્રોચ (કાર્યક્ષમ વલણ) અપનાવવામાં દોરવણી આપવામાં આવી છે.

પ્રવીણ મહતોએ જણાવ્યું હતું કે, ખાનગી પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે પીએમજી પ્લેટફોર્મની સક્રિયપણે મદદ લેવાઈ રહી છે. કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકાર, અને ખાનગી સ્ટેકહોલ્ડર્સનું સંકલન કરવા પર ભાર મૂક્યો છે. જેથી આ પ્રોજેક્ટ સંબંધિત નડતાં પડકારોને ઝડપથી અને અસરકારક રૂપે દૂર કરી શકાય. ઉલ્લેખનીય છે, પીએમજી એ એક સંસ્થાકીય પદ્ધતિ છે, જે વિલંબનો સામનો કરી રહેલા અથવા રાજ્ય અને કેન્દ્રીય મંત્રાલયો સાથે નિયમનકારી મંજૂરીઓની રાહ જોઈ રહેલા પ્રોજેક્ટ્સમાં સમસ્યાના નિરાકરણને સરળ બનાવવાનું કામ કરે છે. જો કોઈ કંપની સરકારી મંજૂરીઓ મેળવવામાં અવરોધોનો સામનો કરી રહી છે, તો તેના ઝડપી નિરાકરણ માટે પ્રોજેક્ટ અને તેની સાથેના મુદ્દાઓને PMG પોર્ટલ પર અપલોડ કરી શકે છે. PMG કોઈપણ ફી વિના સેવા પૂરી પાડે છે અને તેની સહાય રૂ. ૫૦૦ કરોડ કે તેથી વધુ રોકાણ ધરાવતા કોઈપણ માળખાકીય અથવા ઔદ્યોગિક પ્રોજેક્ટને ઉપલબ્ધ છે.

## રાજ્યના ૧૭ જિલ્લામાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાં આજે અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યના ૧૭ જિલ્લાઓમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ રહેશે. જ્યારે અમદાવાદ,ગાંધીનગરમાં આજે મધ્યમ વરસાદ રહેશે. સાયક્લોનિક સર્ક્યુલેશન, ટ્રફના કારણે ભારે વરસાદ રહેશે, ૧૦ થી ૧૪ જૂન રાજ્યમાં ભારે વરસાદની શક્યતા છે. ગુજરાતમાં આજે ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ રહેશે, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી, તાપી, વડોદરા, છોટા ઉદેપુરમાં ભારે વરસાદ રહેશે. ભરૂચ, દાહોદ, પંચમહાલ,ડાંગમાં ભારે વરસાદની શક્યતા, અમરેલી, ભાવનગર, બોટાદના ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ,ગાંધીનગરમાં આજે મધ્યમ વરસાદ રહેશે.

# આગામી ૯થી ૧૧ જુલાઈ સુધી દક્ષિણ, પૂર્વ અને ઉત્તર ઝોનમાં પાણી કાપ રહેશે

### ત્રણ ઝોનના મણીનગર, ઈસનપુર, ઈન્દ્રપુરી, અમરાઈવાડી, હાટકેશ્વર, બાપુનગર, ઠક્કરનગર સહિત ૧૭ વોર્ડમાં પાણી કાપ રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદમાં વધુ એક વખત પાણી કાપ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં આગામી ૩ દિવસ સુધી અલગ અલગ વિસ્તારમાં પાણીકાપ રહેશે. આગામી ૯થી ૧૧ જુલાઈ સુધી દક્ષિણ, પૂર્વ અને ઉત્તર ઝોનમાં પાણી કાપ રહેશે. આ અંગે AMCના વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગરિયાએ કહ્યું કે રસ્કા ખાતે શેઢી કેનાલના દરવાજાનું રીપેરીંગ કામકાજ કરવાનું હોવાના કારણે શહેરમાં પાણી કાપ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્રણ ઝોનના મણીનગર, ઈસનપુર, ઈન્દ્રપુરી, અમરાઈવાડી, હાટકેશ્વર, બાપુનગર, ઠક્કરનગર સહિત ૧૭ વોર્ડમાં પાણી કાપ રહેશે. ત્રણ દિવસ દરમિયાન કોતરપુર વોટરવર્કસ પ્લાન્ટ ખાતેથી થોડું પાણી પહોંચાડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે અગાઉ AMCએ ફેબ્રુઆરી મહિનામાં પણ અમદાવાદના અનેક વિસ્તારમાં પાણીકાપ કરવાનો નિર્ણય લીધો હતો. કોતરપુર વોટર ડિસ્ટ્રીબ્યૂશન લાઈનમાં લિકેજ રિપેરિંગના કામને લઈ પાણી બંધ કરવામાં આવ્યું હતું. જેથી ઉત્તર પશ્ચિમ ઝોન, મધ્ય ઝોનમાં પાણી કાપ કરવામાં આવ્યો હતો અને આ વિસ્તારોમાં રહેતા લોકોને પાણી મળ્યું નહતું. મળતી માહિતી મુજબ, કોતરપુર વોટર ડિસ્ટ્રીબ્યૂશન લાઈનમાં લીકેજ હોવાથી અમદાવાદના અનેક વિસ્તારમાં પાણીકાપ કરવામાં આવ્યો હતો. શહેરના પશ્ચિમ, ઉત્તર, મધ્ય ઝોનમાં પાણી કાપ કરાયો હતો. જો કે ૫ ફેબ્રુઆરીથી પાણીનો જથ્થો રાબેતા મુજબ છોડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ શહેરમાં અનેક વખત પાણીકાપ કરવામાં આવ્યો છે, જો કે AMC તરફથી અગાઉથી જ સ્થાનિકોને ધ્યાન દોરવામાં આવતા તેઓ પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરી દે છે અને શહેરીજનોને હાલાકી ભોગવવાનો વારો આવતો નથી.

## ભાવનગરમાં કિન્નરનો ગળેફાંસો ખાઈ આપઘાત

। (એજન્સી) ભાવનગર, તા.૮ ।

ભાવનગર જિલ્લાના ગારીયાધારમાં આવેલ નાની વાવડી રોડ પર આવેલ રોયની વાડી કિન્નરનો ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યાનું સામે આવ્યું છે. ગારીયાધારના નાનીવાડી રોડ એક વાડીના ૧૯ વર્ષીય કિન્નરનો આપઘાત કરેલ મૃતદેહ તેની સાથે રહેલ વ્યકિત અતુલ ચૌહાણ પેહલા ખાનગી હોસ્પિટલમાં લઈને આવ્યો હતો, પરંતુ ડોક્ટર દ્વારા તેણે મૃત જાહેર કર્યા હતો. પરિવારજનોને જાણ કરતા પરિવાર ગારીયાધાર ખાતે આવી પહોંચ્યા હતા. મૃતદેહને પોલીસ દ્વારા સરકારી હોસ્પિટલમાં પીએમ કરવા લઈ જવામાં આવ્યો હતો. આ ઘટનામાં પરિવારજનો દ્વારા શંકા વ્યક્ત કરતા કહ્યું હતું કે અમારો પુત્ર આપઘાત કરે જ નહીં, તેની હત્યા કરવામાં આવી છે. આ ઈક્વેસ્ટ ફોર્મ પોલીસ લઈને સરકારી દવાખાને લઈ ગયા હતા. સ્થળ પર હાજર ડોક્ટરે પીએમ કરી નાખ્યાનો પરિવારજનો દ્વાર આક્ષેપ કરવામાં આવ્યો છે.

### નિમણૂક હુકમ વિતરણ સમારોહ

# ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરાયા

### રાજ્યભરમાં કુલ ૩૨૪૩ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો.કુબેર ડીંડોરે જણાવ્યું હતું કે,આજે હું શિક્ષણ મંત્રી તરીકે રાજ્યની સેવા કરી રહ્યો છું તે મારા પ્રાથમિકથી લઈને માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને હાયર એજ્યુકેશન સુધીના ગુરૂજનોને આભારી છે.વિદ્યાર્થીઓમાં જે સ્કિલ રહેલી હોય છે, તેને ઓળખવાનું અને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવાનું કાર્ય આપણા શિક્ષકો કરતા હોય છે. શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં પરંતુ જવાબદારીનું કાર્ય છે. રાજ્ય સરકાર દ્વારા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા ૨૦૨૫ અન્વયે ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં કુલ ૩૨૪૩ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ગાંધીનગરના ઈસનપુર મોટા ખાતે શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે આજે ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શિક્ષણ મંત્રીએ કહ્યું કે,સમગ્ર રાજ્યમાં ૧૫૧૫ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો અને ૩૨૪૩ બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો એમ કુલ ૪૭૫૮ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યાં છે.વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરવામાં શિક્ષકોનો મહત્વનો ફાળો હોય છે. જેથી શિક્ષકો વિદ્યાર્થીઓના ઘડતર થકી જન કલ્યાણ,લોક કલ્યાણ અને પરોપકાર દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા નિભાવી શકે છે.

### પહેલા જ દિવસે ૬૦૦ અરજી

# બાપુનગરમાં ગુજરાતના સૌથી મોટા પાસપોર્ટ સેવા કેન્દ્રની શરૂઆત

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં સોમવારે (૭ જુલાઈ) ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે, હવે પાસપોર્ટ અરજદારો માટે પ્રક્રિયાને વધુ ઝડપી અને સુવિધાજનક બની જશે. આ નવું કેન્દ્ર અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે અને રાજ્યભરના અરજદારોને સેવા આપવા સક્ષમ છે. ઉલ્લેખનીય છે કે મીઠાખળીમાં આવેલા પાસપોર્ટ સેવા કેન્દ્રમાં અગવડતા પડતી હોવાથી અને સ્થાનિક રહેવાસીઓની વધતી માંગને પહોંચી વળવા માટે કેન્દ્રને શહેરના પૂર્વ ભાગમાં ખસેડવામાં આવ્યું છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે નવા પાસપોર્ટ કેન્દ્રની શરૂઆત સાથે જ પ્રથમ દિવસે ૬૦૦ લોકોને પાસપોર્ટ માટે એપોઈમેન્ટ આપવામાં આવી હતી. અહીં ૩ વિંગમાં અલગ-અલગ ૩૬ કાઉન્ટ બનાવવામાં આવ્યા છે. આ સેવા કેન્દ્રમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ, ફિંગરપ્રિન્ટ અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા દ્વારા અરજદારોનો સમય બચશે. આ કેન્દ્રમાં અરજદારો માટે બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સત્તાવાર લોન્ચિંગ પહેલા રવિવારે અરજદારો સાથે ટ્રાયલ રન પણ કરવામાં આવ્યો હતો. અપગ્રેડેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે, આ કેન્દ્ર આગામી દિવસોમાં દરરોજ ૮૦૦થી વધુ અરજીઓનું નિકાલ કરી શકાશે તેવી અપેક્ષા છે.

### નહેર લીકેજની સમસ્યાની રજૂઆત

# થરાદના નાગલા ગામમાં છેલ્લા ૬ મહિનાથી ૨૦૦ હેક્ટર જમીન પાણીમાં ગરકાવ

### આ વખતના વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતાં

। (એજન્સી) બનાસકાંઠા,તા.૮ ।

બનાસકાંઠામાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં રોડ અને રસ્તા ધોવાઈ ગયાં હતાં. વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકસાન પહોંચ્યું હતું. પરંતુ થરાદના નાગલા ગામમાં સ્થિતિ કંઈક જુદી જ જોવા મળી છે. નાગલા ગામમાં ૨૦૦ હેક્ટર જમીન છેલ્લા ૬ મહિનાથી પાણીમાં ગરકાવ થયેલી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે થરાદનું નાગલા ગામ ૨૦૧૫ અને ૨૦૧૭માં પુર ગ્રસ્ત બન્યું હતું. પરંતુ આ વખતના વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતાં. જ્યારે આ ગામમાં છેલ્લા ૬ મહિનાથી ૨૦૦ હેક્ટર જમીન પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. પાણીનો નિકાલ નહીં થતાં ગામના લોકોને ભારે મુસીબત વહોરવી પડી છે. જૂના ગામતળ, દૂધ મંડળીનો રસ્તો બંધ રહેતા લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

થરાદના નાગલા ગામમાં ફરી વરસાદી પાણી ભરાઈ જતાં હાલાકીનો સામનો કરવો પડ્યો છે. વરસાદી પાણી અને નહેર લીકેજનો પ્રશ્ન હલ કરવા માટે ધારાસભ્ય અને મામલતદારને આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી છે.

નાગલા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા પત્ર લખીને પણ રજૂઆત કરાઈ છે. નાગલા ગામની ૨૦૦થી વધુ હેક્ટર જમીન છેલ્લા ૬ મહિનાથી પાણીમાં ગરકાવ થઈ છે.જૂના ગામ તળ અને દૂધ મંડળીમાં પાણી ભરાતા અવરજવરનો રસ્તો પણ બંધ થયો છે.વરસાદી પાણીનો નિકાલ નહીં કરવામાં આવે તો રોગચાળો ફાટી નીકળે તેવી ભીતિ સેવાઈ રહી છે.

